સત્ય, નિડર અને નિષ્પક્ષ અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

કર્ણાવતી મેટ્રો

KARNAVATI METRO DAILY

RNI No. : GUJGUJ/2011/40646 ★ વર્ષ-૯ ★ અંક-૮૪ ★ તા. ૨૧-૦૧-૨૦૨૦ ★ મંગળવાર ★ પાના-૪ ★ કિંમત રૂા. ૧-૦૦ ★ વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : મનોજ પ્રજાપતિ, - કાર્યાલય : ૫૬, કાપડીયા એસ્ટેટ માર્કેટ, રતનપોળ, ગોલવાડ, અમદાવાદ. મો. : ૮૭૫૮૨૦૬૩૭૧ Email:karnavtimetro1@yahoo.in ★ ન્યાય ક્ષેત્ર અમદાવાદની કોર્ટ રહેશે

માતાપિતા-શિક્ષકોએ બાળકોને દબાણથી નહીં પણ પ્રોત્સાહનથી આગળ વધવા પ્રેરણા આપવી જોઈએ-મોદી

આપણે દરરોજ એક કલાક માટે ટેકનોલોજીથી મુક્ત બની આપણા પોતાના માટે, પરિવાર-સ્નેહિજનો સાથે સમય વિતાવો -

નવી દિલ્હીઃ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પરીક્ષા પે ચર્ચા, ૨૦૨૦ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને માતા-પિતા સાથે વાતચીત શરૂ કરી છે. મોદીએ કહ્યું કે વર્ષ ૨૦૨૦ ફક્ત નવુ વર્ષ જ નથી પરંતુ નવા દાયકાની શરૂઆત છે. માતાપિતા, શિક્ષકોએ બાળકની ક્ષમતા કેટલી છે તેનો ખ્યાલ રાખવો જોઈએ અને પોતાના સ્વપ્રને બાળકો પર થોપવા જોઈએ નહીં. બાળકો મોટા થઈ જાય તો પણ માતાપિતાએ તેમના સંતાનોને પ્રોત્સાહન આપતા રહેવું જોઈએ, દબાણ ન આપવું જોઈએ. તેમની શક્તિને ઉજાગર કરવા પર ભાર આપવો જોઈએ. અરુણાચલપ્રદેશ, તામિલનાડુ, અમદાવાદથી વિદ્યાર્થીઓએ નાગરિક અધિકારો,કર્તવ્ય અંગે પૂછેલા પ્રશ્નના જવાબમાં વડાપ્રધાને કહ્યું હતું કે અરુણાચલ પ્રદેશમાંથી આ પ્રશ્ન તેનો મને ખૂબ જ આનંદ થયો, અરુણાચલપ્રદેશમાં જ્યારે કોઈ એકબીજાને મળે છે ત્યારે તે જયહિન્દ કહી એકબીજાનું અભિનંદન કરે છે, વડાપ્રધાને

દેશના પૂર્વોત્તરના રાજ્યોમાં રજાઓ ગાળવા જવા આગ્રહ કર્યો હતો. આપણો દેશ વૈવિધ્યતાથી ભરેલો છે, આપણો દેશ વિવિધ ભાષાઓથી ભરેલો છે. અધિકાર અને કર્તવ્ય અંગે વડાપ્રધાને કહ્યું હતું કે આપણા કર્તવ્યમાં જ અધિકાર રહેલા છે. મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે મૂભળૂત અધિકાર નથી હોતા, મૂળભૂત તો કર્તવ્ય હોય છે.

વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રના વિદ્યાર્થી કેવી રીતે મદદરૂપ બની શકે છે તેવા વિદ્યાર્થીઓના પ્રશ્નના જવાબમાં વડાપ્રધાને જણાવે છે કે આજે ટેકનોલોજી અને વિજ્ઞાન સાથે જીવન જોડાઈ ગયું છે. આપણે ટેકનોલોજીને આપણુ મિત્ર માનવી જોઈએ, ટેકનોલોજી પ્રત્યેનું જ્ઞાન જ પૂરતું નથી પરંતુ ટેકનોલોજી પ્રત્યેનું જ્ઞાન આપણા માટે કેવી રીતે ઉપયોગી બને તે અંગે વિચાર કરવો જોઈએ. ટેકનોલોજી તમારા સમયનો વ્યય ન કરે તેની પણ કાળજી રાખવી જોઈએ. ટેકનોલોજી આપણને અંકૂશીત ન કરતી હોવી જોઈએ પણ આપણે ટેકનોલોજીને આપણી જરૂરીયાત પ્રમાણે નિયંત્રિત કરતા હોવા જોઈએ. આપણે દરરોજ એક કલાક માટે ટેકનોલોજીથી મુક્ત બની આપણા પોતાના માટે, પરિવાર-સ્નેહિજનો સાથે સમય વિતાવો.

આ ગાળા દરમિયાન દેશના વિકાસમાં સૌથી વધારે ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની ભૂમિકા મહત્વની રહેશે. વડાપ્રધાને વિદ્યાર્થીઓ, માતાપિતા, શિક્ષકોને સંબોધતા કહ્યું છે કે છેવટે આપણે શિક્ષણ વ્યવસ્થાથી જે શિક્ષણ પ્રાપ્ત કરી છીએ તેનાથી વિશ્વ પ્રત્યે જાણવાની શરૂઆત કરી છીએ, જેમ કે નાનુ બાળક 'ક' થી શરૂઆત કરે છે, શિક્ષણ એ વિશ્વમાં પ્રવેશ દ્વાર છે, શિક્ષણ આપણને કંઈક જાણવા અને કંઈક કરવા માટે એક આધાર આપે છે. આપણે જે પણ જીવનમાં શીખીએ છીએ તેનું આપણે સતત યોગ્ય મૂલ્યાંકન કરતા રહેવું જોઈએ.આજે આપણી બાજુ વિપુલ પ્રમાણમાં તકો પ્રવર્તિ રહેલી છે, આપણે જીવનમાં એક્સ્ટ્રા એક્ટિવિટી પ્રત્યે પણ ધ્યાન આપવું જોઈએ, જે આપણે જીવનમાં ઘણી ઉપયોગી બને છે. મારા દેશના યુવાનો રોબોટ બને તેવું હું ઈચ્છતો નથી.શાળાકીય જીવન વૈવિધ્યતાપૂર્ણ જીવન માટે ખૂબજ ઉપયોગી બને છે.

વડાપ્રધાને વિદ્યાર્થીઓને કહ્યું છે કે પરીક્ષા જ જીવન છે તેવા વિચારથી બહાર આવવું જોઈએ, જીવનમાં બીજુ ઘણુબધુ છે. સફળતા માટે સતત મહેનત કરતુ રહેવું જોઈએ, પરિશ્રમ બાદ પણ જો અપેક્ષિત પરિણામ ન મળે તો ઉદાસ ન થશો, જીવનમાં પરીક્ષા જ સર્વસ્વ નથી.

રાજસ્થાનથી સ્વામી વિવેકાનંદ શાળાની એક વિદ્યાર્થીનીએ તણાવ અંગે પૂછેલા પ્રશ્ન અંગે વડાપ્રધાન જવાબ આપી રહ્યા છે. નરેન્દ્રી મોદીએ ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચેની કોલકાતામાં રમાયેલી ટેસ્ટ મેચમાં વીવીએસ લક્ષ્મણ અને રાહુલ દ્રવિડની ઈનિંગ તેમ જ અન્ય એક મેચમાં ઈજાગ્રસ્ત અનિલ કુંબલેની વિશ્વાસપૂર્ણ બોલિંગનો ઉલ્લેખ કર્યો છે અને વિદ્યાર્થીઓને મુશ્કેલીના સમયમાં પણ ધિરજ અને વિશ્વાસથી કેવી રીતે સફળતા મેળવી શકાય છે તે અંગે ઉદાહરણ સાથે વિદ્યાર્થીઓને પ્રેરણા આપી છે.

આ કાર્યક્રમનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને પરીક્ષાના તણાવથી દૂર કરવાનો છે. શાળામાં વિદ્યાર્થીઓ સાથે પ્રધાનમંત્રીના સંવાદ કાર્યક્રમની આ ત્રીજી આવૃત્તિ છે.

દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમમાં મોદી વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ પણ આપશે. જેમાં સમગ્ર દેશમાંથી ૨૦૦૦ વિદ્યાર્થી ભાગ લઈ રહ્યા છે. આ પૈકી ૧૦૫૦ વિદ્યાર્થીની પસંદગી નિબંધ સ્પર્ધા મારફતે કરવામાં આવી છે. તેમા ધોરણ ૯થી ૧૨ સુધીના વિદ્યાર્થીનો સમાવેશ થાય છે.

અધિકારીઓના મતે કાર્યક્રમનું પ્રસારણ યુટ્યુબ પરથી પણ કરવામાં આવશે. આ માટે ૨.૬ લાખ રજિસ્ટ્રેશન થયું છે. તેને લઈ વિદ્યાર્થીઓ-માતાપિતામાં ખૂબ જ ઉત્સાહ જોવા મળે છે. પ્રધાનમંત્રીના સંવાદ કાર્યક્રમનું પ્રથમ સંસ્કરણ ૧૬મી ફેબ્રુઆરી,૨૦૧૮ના રોજ તાલકટોરા સ્ટેડિયમાં આયોજીત કરવામાં આવ્યું હતું.

બંધારણથી અલગ કોઇ સત્તા નથી જોઇતી, અમને તેની પર વિશ્વાસ છેઃ મોહન ભાગવત

(G.N.S.)
(જી.એન.એસ.)

લખનઉઃ

દેશની વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને ઇજીજી પ્રમુખ મોહન ભાગવતે ભારતના બંધારણ અને હિન્દુત્વ જેવા મુદ્દાઓને લઇને દેશ સમક્ષ સંઘનો દ્રષ્ટિકોણ સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે.બરેલીની રુહેલખંડ યુનિવર્સિટીમાં સંઘ પ્રમુખે "ભવિષ્યનું ભારત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો દ્રષ્ટિકોણ" મુદ્દે સંબોધન કર્યું હતું.

ભારતના બંધારણ પર સંઘ પ્રમુખે કહ્યું કે બંધારણ કહે છે કે આપણે ભાવનાત્મક એકીકરણ લાવવાના પ્રયત્ન કરવા જોઇએ, પરંતુ ભાવના શું છે? આ ભાવના છે- આ દેશ આપણો છે, આપણે આપણા મહાન પૂર્વજોના વંશજ છીએ અને વિવિધતા હોવા છતા આપણે સાથે રેહવું જોઇએ. આને જ હિન્દુત્વ કહેવાય છે.

ભાગવતે કહ્યું કે જ્યારે સંઘનો કાર્યકર્તા એમ કહે છે કે દેશ હિન્દુઓનો છે અને ૧૩૦ કરોડ લોકો હિન્દુ છે. તો એનો અર્થ એ નથી કે સંઘ કોઇ ધર્મ, ભાષા કે જાતિને બદલવા માંગે છે. અમે બંધારણથી અલગ કોઇ સત્તા નથી ઇચ્છતા, કારણ કે અમે બંધારણ પર ભરોસો રાખીએ છીએ. આજ ભવિષ્યના ભારત પર આરએસએસનો દ્રષ્ટિકોણ છે.

સંબોધન દરમિયાન ભાગવતે ઇઝરાયલનો ઉલ્લેખ કરતા કહ્યું કે, તે દુનિયામાં સંપન્ન દેશ છે, આજે વિશ્વમાં તેની ધાક છે.તેને હાથ લગાવ્યો તો પરિણામ ભોગવવા પડશે.

તેમણે કહ્યું કે આપણો દેશ કરોડોની વસ્તીવાળો દેશ છે, દેશના ખજાનામાં ૧૬ હજાર કરોડ રુપિયા બાકી છે અને ઇંગ્લેન્ડ પાસેથી ૩૦ હજાર કરોડ વસૂલવાના બાકી છે. સંઘ પ્રમુખે કહ્યુ કે આપણે વારંવાર ગુલામ બનતા રહ્યા તેથી જ વારંવાર સ્વતંત્ર થતા રહ્યા. સંઘ પ્રમુખે કહ્યું કે મુઠ્ઠી જેટલા લોકો આવીને આપણને ગુલામ બનાવી દે છે, જે આપણામાં રહેલી ખામીઓને કારણે બનતુ રહ્યું છે. જો બધા એક છે તો સૌનું સાથે મળીને રહેવાનું પણ થશે. આપણે સૌ આપણી સંસ્કૃતિથી એક છીએ અને ભૂતકાળમાં પણ એક હતા. અહી ૧૩૦ કરોડ લોકો હિન્દુઓ છે, કારણ તે તમે ભારત માતાના સંતાન છો.

આગામી ૫ વર્ષ માટે કેજરીવાલે ૧૦ ગેરન્ટી સાઈન કરી, દરેક ઝૂંપડપટ્ટીના રહેવાસીઓને પાકા મકાન અપાશે; ૨૦૦ યુનિટ વીજળી ફ્રી

(G.N.S.)
(જી.એન.એસ.)

નવી દિલ્હીઃ

દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે આમ આદમી પાર્ટીએ કેજરીવાલનનું ગેરન્ટી કાર્ડ જારી કર્યું છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું છે કે આ ગેરંટી કાર્ડ ઘોષણા પત્રથી અલગ છે. તેમણે એમ પણ કહ્યું છે કે ગેરંટી કાર્ડ અંતર્ગત આગામી ૫ વર્ષ લોકોને ૨૦૦ યુનિટ વીજળી વિના મૂલ્યે મળવાનું જારી રહેશે.દરેક ઘરને ૨૪ કલાક શુદ્ધ પાણી મળશે.આપ **(AAP)** દિલ્હીની તમામ ૭૦ બેઠક પર તેના ઉમેદવાર નક્કી કરી ચુકી છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ નવી દિલ્હી બેઠકથી ચૂંટણી લડી રહ્યા છે. ૮ ફેબ્રુઆરીના રોજ મતદાન બાદ ૧૧ ફેબ્રુઆરીના રોજ ચૂંટણી જાહેર થશે.કેજરીવાલે કહ્યું છે કે ઘોષણા પત્ર આગામી ૧૦-૧૫ દિવસમાં આવશે. આ અમારું ગેરંટી કાર્ડ છે. અમારા વિકાસની પાક્કી-ગેરન્ટી છે. તેમા કેટલીક વાત એવી છે કે જે અમે પૂરી કરી ચુકયા છીએ. જે પણ વચન આપવામાં આવી રહ્યા છે તે આગામી ૫ વર્ષમાં પૂરા કરશું. કેટલીક ગેરન્ટી ઘણી મોટી છે, માટે ૨,૩ અથવા તો ૫ વર્ષમાં લાગુ કરી શકાશે.

દિલ્હી દેશનું એકમાત્ર એવું શહેર છે કે જ્યાં ૨૪ કલાક વીજળી મળે છે. તે આગળ પણ જળવાઈ રહેશે.૨૦૦ યુનિટ વીજળી મફત આપવામાં આવી રહી છે, જ્યાં સુધી કેજરીવાલ છે ત્યાં સુધી વીજળી જારી રહેશે.

દિલ્હીમાં અનેક વિસ્તાર એવા છે કે જ્યાં વીજળીના વાયરના ઝૂમખા છે, તેનાથી આગામી ૫ વર્ષમાં મુક્તિ આપવામાં આવશે. વીજળીના વાયરને અંડરગ્રાઉન્ડ કરવામાં આવશે.

પાંચ વર્ષમાં અકસ્માત તેમજ આપઘાતમાં ૨૨૦૦ના મોત

નવીદિલ્હ

૨૦૧૪થી ૨૦૧૮ વચ્ચેના પાંચ વર્ષના ગાળામાં જ સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (સીએપીએફ)ના ૨૨૦૦જવાનોના મોત થયા છે અથવા તો આપઘાત થયા છે. આ પ્રકારના આંકડા હાલના વર્ષોમાં ચોક્કસપણે ઘટ્યા છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, વર્ષ ૨૦૧૮માં ૧૦૪ સીએપીએફના જવાનોના અકસ્માતમાં મોત થયા છે જ્યારે ૨૮ દ્વારા આપઘાત કરવામાં આવ્યો છે. આની સાથે જ આ વર્ષનો કુલ આંકડો ૧૩૨નો રહ્યો છે. ૨૦૧૪માં જ્યારે સીએપીએફ સાથે સંબંધિત આવા કેસોના આંકડા પ્રથમ વખત એકત્રિત કરવાની શરૂઆત નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો દ્વારા કરવામાં આવ્યો ત્યારે ૧૨૩૨ અકસ્માત સંબંધિત મોતના આંકડા નોંધાયા હતા અને આપઘાતનો આંકડો ૧૭૫નો રહ્યો હતો. જુદા જુદા વર્ષોમાં મોતનો આંકડો ઉલ્લેખનીયરીતે રહ્યો છે. અકસ્માત સંબંધિત મોતનો આંકડો જુદા જુદા વર્ષોમાં અલગ અલગ રહ્યો છે. જો કે, આમા ઘટાડો પણ થયો છે.

૨૦૧૪થી ૨૦૧૮ વચ્ચેના ગાળામાં ૧૯૦૨ સીએપીએફ કર્મચારીઓના અકસ્માતમાં મોત થયા છે જ્યારે ૩૯૭ આપઘાતના કેસ નોંધાયા છે. આનો મતલબ એ થયો કે, ૨૦૧૪થી ૨૦૧૮ વચ્ચેના ગાળામાં આવી ખુવારીનો આંકડો ૨૧૯૯ રહ્યો છે. એનસીઆરબી દ્વારા પાંચ ફોર્સ જેમાં બીએસએફ, સીઆરપીએફ, સીઆઈએસએફ, આઈટીબીટી, એસએસબી, આસામ રાયફલ અને નેશનલ સિક્યુરિટી ગાર્ડના આંકડા એકત્રિત કરે છે. કેન્દ્રીય ગૃહમંત્રાલય હેઠળ આ સંસ્થા કામ કરે છે. સીએપીએફ સરહદ સુરક્ષામાં ચાવીરુપ ભૂમિકા ભજવે છે. આંતરિક સુરક્ષાની જાળવણીમાં પણ કેન્દ્ર અને રાજ્ય સરકારની મદદમાં આ સંસ્થા

જરૂર પડશે તો ૫૦ લાખ મુસ્લિમ ઘૂષણખોરોને દેશની બહાર કાઢીશું : દિલીપ ઘોષ

કોલકાતા

નાગરિકતા સુધારણા કાયદા (સીએએ) અને નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન (એનઆરસી)ના વિરોધમાં દેશભરમાં વિરોધ પ્રદર્શન થઇ રહ્યા છે. આ વચ્ચે પશ્ચિમ બંગાળના ભાજપ અધ્યક્ષ દિલીપ ઘોષે વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું છે કે, જો જરૂર પડશે તો ૫૦ લાખ મુસ્લિમ ઘૂષણખોરોની ઓળખ કરીને તેમને દેશમાંથી બહાર ધકેલી દઈશું.બંગાળના ઉત્તર ૨૪ પરગના જિલ્લામાંએક રેલી દરમિયાન ઘોષે મુખ્યમંત્રી મમતા બેનરજી પર પણ નિશાન તાક્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, પહેલા તો મુસ્લિમ ઘૂષણખોરોની ઓળખ કરીને તેમના નામ મતદાર યાદીમાંથી બહાર કરવામાં આવશે. જેને કારણે અમને ચૂંટણીમાં ૨૦૦ બેઠકો મળશે અને મમતા બેનરજીને ૫૦ બેઠકો પણ નહીં મળે.દિલીપ ઘોષે અગાઉ જણાવ્યું હતું કે, દીદીની પોલીસે જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડનારા લોકોની વિરુદ્ધ કોઇ કાર્યવાહી કરી નથી કેમકે તેઓ તેમના વોટર છે. ઉત્તર પ્રદેશ, આસામ અને કર્ણાટકમાં આપણી સરકારે આવા લોકોની વિરુદ્ધ કડક કાર્યવાહી કરી હતી. તમે અહિંયા આવો છો, અમારું જ ખાવો છે, અહિંયા રહો છે અને જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડો છે. અમે તેમને લાકડીઓથી મારીશું, ગોળી મારી દઈશું અને તમને જેલમાં નાંખી દઈશું.

સ્મૃતિ ઈરાનીએ કહ્યુ હતુ કે, ૭૨ વર્ષ પછી પણ કોંગ્રેસ પાસે એ વાતનો જવાબ નથી કે ધર્મના આધારે થયેલુ દેશનુ વિભાજન કેમ કોંગ્રેસે સ્વીકાર્યુ

આતંકીઓના મોત પર રડનારા સોનિયા ગાંધીને પાકિસ્તાનના હિન્દુઓ માટે રડવું નથી આવતુ

નવીદિલ્હી

કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ અમેઠીમાં સીએએના સમર્થનમાં યોજાયેલી રેલીમાં સંબોધન કરતા કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી પર નિશાન સાધ્યુ હતુ. સ્મૃતિ ઈરાનીએ કહ્યુ હતુ કે, ૭૨ વર્ષ પછી પણ કોંગ્રેસ પાસે એ વાતનો જવાબ નથી કે ધર્મના આધારે થયેલુ દેશનુ વિભાજન કેમ કોંગ્રેસે સ્વીકાર્યુ.પાકિસ્તાનમાં લઘુમતીઓની સંખ્યા ૨૩ ટકાથી ઘટીને ૩ ટકા થઈ જાય છે ત્યાં સુધી કોંગ્રેસને કોઈ ફરક પડતી નથી.ભારતની દીકરીઓ પર પાકિસ્તાનમાં બળાત્કારો થતા હોવા છતા કોંગ્રેસનુ રુંવાડુ ફરકતુ નથી.પ્રિયંકા પર કટાક્ષ કરતા સ્મૃતિ ઈરાનીએ કહ્યુ હતુ કે, કોંગ્રેસની એક નેતા અમેઠીમાં મસ્જિદમાં જઈને નમાઝ પઢે છે

અને કાશીમાં શિવ મંદિરમાં જાય છે.પછી ચૂંટણી આવે ત્યારે ભાગી જાય છે.સોનિયા ગાંધીને બાટલા હાઉસના એકાઉન્ટરમાં માર્યા ગયેલા આતંકીના મોત પર રડુ આવે છે

પણ પાકિસ્તાનમાં હિન્દુઓની હાલત પર રડુ નથી આવતુ.સ્મૃતિ ઈરાનીએ કહ્યુ હતુ કે, કોંગ્રેસના નેતાઓએ વીર સાવરક પર કાદવ ઉછાળ્યો છે પણ હું એ નેતાને (રાહુલ ગાંધી)ને પૂછવા માંગુ છુ જેને અમેઠીની જનતાએ ભગાડી દીધા છે.તે કહે છે કે ,હું સાવરકર ના બની શકું.હું કહેવા માંગુ છું કે, તમારી દસ પેઢી પણ સાવરકર જેવી બની નહી શકે.

નાણાંની કોઇ કમી નથી : ગડકરી

ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર પાંચ લાખ કરોડ ખર્ચ કરાશે

નવી દિલ્હી,

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ આજે કહ્યું હતું કે, આ વર્ષે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ ઉપર તેમના મંત્રાલય દ્વારા પાંચ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. મહારાષ્ટ્રના નાગપુરમાં વીએનઆઈ ટીના ઉદ્ઘાટન કાર્યક્રમમાં વાત કરતા ગડકરીએ આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષના ગાળામાં ૧૭ લાખ કરોડ રૂપિયાના કોન્ટ્રાક્ટ તેમના દ્વારા આપવામાં આવી ચુક્યા છે. આ વર્ષે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ ઉપર ખર્ચમાં આંકડો પાંચ લાખ કરોડ સુધી પહોંચી શકે છે. કાર્યક્રમમાં તેમણે કહ્યું હતું કે, નાણાંની કોઈ પણ કમી દેખાઈ રહી નથી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને સરકાર ઉચ્ચ પ્રાથમિકતા આપવા માટે ઈચ્છુક છે.

નક્સલવાદીઓ અને જવાનો વચ્ચે અથડામણ, એક મહિલા નક્સલવાદી

વીજાપૂર

છત્તીસગઢમાં નક્સલવાદીઓ અને સુરક્ષાકર્મીઓ વચ્ચે હાલમાં ભીષણ અથડામણ ચાલી રહી છે. આ અથડામણ રાજ્યના નક્સલ પ્રભાવિત જિલ્લા વીજાપુરમાં ચાલી રહી છે. પ્રાપ્ય જાણકારી પ્રમાણે દરમિયાન સુરક્ષાકર્મીઓએ એક મહિલા નક્સલવાદીને ઠાર કરી દીધી છે. સ્થાનિક પોલીસે મહિલાની ઓળખ કરવાનું કાર્ય હાથ ધર્યું છે.

વીજાપુરના બાસગુડાના ટેકલગુડેમ ગામમાં આ અથડામણ શરૂ થઈ હતી. ૨૦૪ કોબરા, ૧૬૭ બટાલિયન, સીઆરપીએફ અને છત્તીસગઢ પોલીસના આ જોઈન્ટ ઓપરેશનથી આ અથડામણમાં નક્સલવાદીઓને ભારે નુકશાન પહોંચ્યું છે. આ દરમિયાન સુરક્ષાકર્મીઓને એક મહિલા નક્સલવાદીનો મૃતદેહ હાથ લાગ્યો છે. આ સાથે જ સુરક્ષાકર્મીઓએ ત્રણ રાયફલ્સ પર ઝડપી લીધી છે.

તંત્રી લેખ.....

નવયુગનાં મંડાણ

દુનિયાભરનાં દેશોમાં અત્યારે નવી સક્રાન્તિ ચાલે છે. આ કંઈ બહુ લાંબો સમય ચાલવાનો નથી. આવનારા દસ જ વર્ષમાં દુનિયા બે ભાગમાં વહેંચાઈ જશે. એક ભાગમાં માત્ર પુરાતન મૂલ્યોને પકડીને બેઠેલી પછાત પ્રજાઓથી દુઃખી થતા દેશો હશે અને બીજા ભાગમાં માત્ર ડેટા, ટેકનોલોજી અને સંશોધનો પર આધારિત પ્રકૃતિપ્રિય પ્રજા હશે. ફિનલેન્ડ, કોસ્ટારિકા અને બીજા કેટલાક નાના દેશો આજે એટલી ઊંચાઈ પહોંચી ગયા છે કે બ્રિટન અને અમેરિકાએ એની નકલ કરવી પડે છે.જે રીતે જર્મનીએ મિકેનિકલ એન્જિનિયરિંગમાં વિશ્વભરપર પોતાનો વિજય ધ્વજ લહેરાવ્યો અને સોફ્ટવેરમાં જે રીતે સિલિકોન વેલીએ અમેરિકનોને વિશ્વની મહાન ઈન્ફોટેક સત્તા તરીકે સ્થાપી આપ્યા તે રીતે હવેના યુગમાં કુદરતી સંસાધનોની બાબતોમાં જે દેશ સર્વોચ્ચ સ્થાને હશે તેનું જ પ્રભુત્વ વિશ્વભરમાં સ્થપાશે.ડેટા બહુ મોટો શબ્દ છે અને ડેટા એનાલિસિસ એના કરતા પણ બહુ મોટો શબ્દ છે. આપણે ત્યાં છેલ્લા કેટલાક સમયથી જ્ઞાતિ, જાતિ અને ધર્મના એનાલિસિસ ચાલે છે. જયારે દુનિયામાં વિકાસના એન્જિન તરીકે જરૂરી એવી નોલેજ બેંક અને ઈન્ફોબેંકનાં એનાલિસિસ ચાલે છે. સફરમાં આપણે થોડા પાછળ રહી જ ગયા છીએ પરંતુ હમણાથી ચાલુ થયેલાં રાષ્ટ્રીય વિવાદોએ આપણે બહુ વધારે પાછળ રહી જઈએ એવી સંભાવનાઓ તરફ સંકેત કરેલો છે.સર્વોચ્ચ અદાલતે એમ કહ્યું કે કોઈપણ કાયદો બંધારણીય છે એ કહેવાનું કામ અમારુ નથી. આ અદાલતનો બુનિયાદી અને મૌલિક વિચાર ભારતીય લોકશાહીના પાયામાં આજકાલ જે લુણો લાગ્યો છે તેનું કરેકશન કરવા માંટે અને પાયાને નવેસરથી મજબુત કરવા માટે છે. સર્વોચ્ચ અદાલતની ટકોર એ તરફ છે કે સંસદમાં બહુમતીથી જે કંઈ ખરડાઓ પસાર થાય અને રાષ્ટ્રપતિ સહી પણ કરી દે તો પણ એને બંધારણીય કહેવાનું દુઃસાહસ સર્વોચ્ચ અદાલત કરવા ચાહતી નથી. પરંતુ કોઈ પણ નવા કાયદાની બુનિયાદને અદાલત તપાસી શકે છે. એટલું જ નહીં પણ એમાં અયોગ્યતા લાગે તો એ કાયદાને, યોગ્ય પ્રક્રિયામાંથી પસાર થયો હોવા છતાં, ઉખાડીને ફેંકી શકે છે. સર્વોચ્ચ અદાલતે આવું કહેવું પડયું એ સ્થિતિ જ દર્શાવે છે કે આ દેશમાં કોઈપણ સારા હેતુ ધરાવતા કાયદાઓ પણ ઈમ્પોઝ કરી શકાય નહીં કારણ કે સ્વસ્થ લોકશાહીમાં ઈમ્પોઝ કરેલા કાયદાઓ હોતા નથી, લોક ચેતનાને આસાનીથી ગળે ઉતરે એવા નિઃશંક, પારદર્શક અને એકસંપીય રાષ્ટ્રહિત ધરાવતા કાયદાઓ જ માન્ય ઠરી શકે છે.ભારત એક વિરાટ દેશ તો છે જ પરંતુ ભારતનાં અંતઃકરણમાં એના આત્માસ્વરૂપે જે તત્ત્વ બિરાજે છે તેમાં સર્વના સન્માનની એક અદ્વિતીય પરિભાષા છુપાયેલી છે. કોઈપણ કાયદાઓ ભારતનાં આત્માની એ પરિભાષાને છંછેડે નહી તે જયારે કોઈ જ જોવાવાળુ ન હોય ત્યારે સર્વોચ્ચ અદાલત પરોક્ષ રીતે સ્વીકારે છે કે, અમે એ જોઈશું. આ ભારતીય ન્યાય પ્રણાલિકાનો એક શુભ સુયોગ છે.દેશમાં અત્યારે જેમ સૂર્ય અંતરિક્ષમાં, પૃથ્વીના સંદર્ભમાં, પોતાનાં પરિભ્રમણનો માર્ગ બદલે છે એ રીતે ભારતીય પ્રજાનાં માનસમાં પણ દેશનાં ભવિષ્ય અંગેની સક્રાન્તિનો કાળ શરૂ થયેલો છે.

લાખો અને કરોડોના ગોટાળા

રાષ્ટ્રપતિ નિવૃત થાય ત્યારે દેશમાં એમની પસંદગીની જગ્યાએ એક ભવ્ય બંગલો એમને આપવામાં આવે છે. એક વખતના રાષ્ટ્રપતિ નવી દિલ્હીમાં સંખ્યાબંધ બેડરૂમનો બંગલો ફાળવાયો છે. ભૂતકાળમાં શ્રી વેંકટરામન રાષ્ટ્રપતિપદેથી નિૃત થયા ત્યારે તામિલનાડુમાં એક ખાસ બંગલો એમને માટે ખરીદવામાં આવ્યો હતો. આ બંગલામાં રહેવા જવા માટે દિલ્હીથી એક ખાસ વિમાનની વ્યવસ્થા કરવામાં આવી હતી જેનો ખર્ચ પણ કરોડો રૂપિયામાં થયો હશે.હાલના રાષ્ટ્રપતિને બંગલો આપવાની આ પ્રથા તદ્દન ખોટી છે. પ્રજાના ખર્ચે નિવૃત્તિ પછીનું જીવન વિતાવવાને બદલે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિએ આત્મ-નિર્ભર બનીને બાકીનો સમય વિતાવવો જોઈએ. દિલ્હીમાં અને બહાર આમ આ રીતે બંગલા ફાળવતી વખતે એ વાત ભૂલી જવાય છે કે આ દેશના કરોડો માણસો પાસે બિલકુલ રહેવાનું ઘર જ નથી. મુંબઈ અને દિલ્હીમાં હજારો લોકો કાં ઝૂંપડાંમાં રહે છે કાં ફૂટપાથ ઉપર પડયા રહે છે.બીજી બાજુ રાષ્ટ્રપતિ જ નહીં પણ પ્રધાનો, સંસદસભ્યો અને રાજ્યોના મુખ્યપ્રધાનોને પણ મહેલ જેવા મકાન મળે છે. એટલું જ નહીં પણ નોકર-ચાકર ઉપરાંત વિમાનમાં પ્રવાસ અને ટેલિફોનની પણ સગવડ એમને આપવામાં આવે છે. આ બધાનો સરવાળો કરીએ તો કુલ રકમ અબજોની થવા જાય છે. સંસદ સભ્યો દર પાંચ-દસ વર્ષે પોતાના પગાર-ભથ્થા અને બીજી સગવડોમાં વધારો કર્યે જ જાય છે. સુપ્રિમ કોર્ટે દરેક રાજકારણીને સંસદ અને વિધાનસભાની ચૂંટણીનું ફોર્મ ભરતી વખતે એની શૈક્ષણિક લાયકાત અને મિલકત બતાવવાનું ફરજિયાત બનાવ્યું ત્યારે એ દરખાસ્તને સંસદમાં આ જ રાજકીય પક્ષોએ સર્વાનુમતે નકારી કાઢી હતી. આવી સર્વાનુમતિ જો દેશના નિર્માણના બીજા ખરડાઓમાં દર્શાવાય તો દેશની કાયાપલટ થઈ જાય.આમ મોટા હોદ્દા પર બેઠેલા રાજકારણીઓ દેશની તિજોરી વ્યવસ્થિત રીતે લૂંટી રહ્યા છે. પણ આ લૂંટ તો કાયદેસરની છે. ભૂતપૂર્વ નાણાંપ્રધાન જશવંત સિંઘે કહ્યું તેમ દેશની બેંકોમાંથી લોનો મેળવીને ભરપાઈ ન થઈ જાય એનો કુલ આંકડો ૮૩,૦૦૦ કરોડનો થાય છે. એક અંગ્રેજી અખબારે લખ્યું છે તેમ દેશનો નાગરિક થોડા લાખ રૂપિયા ચોરે તો એ ચોર કહેવાય. પણ થોડા હજાર ચોરે તો એને ઉદ્યોગપતિ કહેવાય. નાણાંપ્રધાને પોતે કહ્યું તેમ આ દેવું નથી પણ ખુલ્લી લૂંટ છે.જ્યારે એક સભ્યે એમ કહ્યં કે વડાપ્રધાનના સલાહકાર મંડળના એક સભ્ય પણ આમાં સંડોવાયેલા છે ત્યારે નાણાંપ્રધાનનો જવાબ હતો કે આની તપાસ ચાલી રહી છે. અફસોસની વાત એ છે કે સંખ્યાબંધ કંપનીઓ ઉપર અબજો રૂપિયાનું દેવું હોય છે છતાં એમના માલિકોને કોઈ આર્થિક પ્રશ્નો હોતો નથી.ભૂતકાળમાં ઉદ્યોગોના એક પ્રતિનિધિમંડળે કેટલીક નબળી બેંકોને બંધ કરી દેવાની ભલામણ કરી ત્યારે ખબર પડી કે દેવાદારમાં કેટલાક લોકો તો એ સમિતિના સભ્યો જ છે, ત્યારે એ ભલામણને અભેરાઈએ ચડાવી દેવામાં આવી. વર્ષોથી સંખ્યાબંધ જાહેરક્ષેત્રની બેંકો ખોટ કરી રહી છે અને એનું કારણ અબજો રૂપિયાનું આ ખોટું દેવું જ છે. આ દેવું હવે આપણે ત્યાં એવી જંગી કક્ષાએ પહોંચ્યું છે કે, એને રોકવાના તાત્કાલિક પગલાં ન લેવાય તો સમગ્ર અર્થતંત્રને એ તોડી નાખે.જાપાન ઉપરાંત દક્ષિણ પૂર્વ એશિયા અને હવે અમેરિકા પણ આ દૂષણથી પીડાઈ રહ્યું છે. આપણા દેશમાં આ દૂષણને રોકવા માટેનો એક ખરડો સંસદમાં રજૂ થઈ ગયો છે. આ ખરડાની જોગવાઈ મુજબ લોન ભરપાઈ નહીં કરનારી કંપનીઓના વહીવટ જરૂર પડે સંભાળી લેવાની સત્તા આપવામાં આવી છે. જો કે કેટલીક ચેમ્બરોએ આમાં હેતુપૂર્વક અને નિર્દોષતાથી નહીં ભરાતી લોનો વચ્ચે ફરક પાડવો જોઈએ એવી દલીલ કરી છે પણ એમને જ્યારે પૂછવામાં આવ્યું કે તમે તમારા ગ્રાહકો વચ્ચે પણ આવો ભેદ કરશો ત્યારે ચેમ્બર ચૂપ થઈ ગઈ હતી.અલબત્ત, બધી જ કંપનીઓ આ શ્રેણીઓમાં આવતી નથી. પણ થોડી કંપનીઓની ભૂલને લીધે આખું કોર્પોરેટ ક્ષેત્ર બદનામ થાય છે. સાચી વાત એ છે કે આવી લોનો મંજૂર થાય ત્યાર પછી આવવાની નથી એની અધિકારીઓને ખબર જ હોય છે. આવી ઠંડી નીતિ આપવામાં આવી એટલે જ ભરપાઈ નહીં થયેલી રકમનો આંકડો આટલો મોટો થઈ ગયો. આમાંથી મોટો ભાગની કંપનીઓ બહુ સદ્ધર હોય છે અને ધારે તો લોનો ભરપાઈ કરી શકે એવી એમની સ્થિતિ હોય છે.આપણા દેશમાં જાહેરક્ષેત્રની જે માયાજાળ વિસ્તરી ચૂકી છે એને કારણે અબજો રૂપિયા એમાં રોકાયેલા પડયા છે. દેશમાં ઠેર-ઠેર મોટી મોટી હોટલોની માયાજાળ ફેલાયેલી છે. હમણાં એવી માહિતી બહાર આવી હતી કે કેન્દ્રના એક પ્રધાન માટે પટણાની એક હોટલમાં કાયમ માટે બે ડઝન જેટલી રૂમ અનામત રાખવામાં આવી હતી. આવી રીતે ઠેર-ઠેર પ્રધાનો અને સંસદસભ્યોના નામે આખી હોટલો બુક થાય છે. એના એક રૂમનું ભાડુ હજારો રૂપિયાનું થવા જાય છે.સદ્નસીબે હવે આ સરકારી હોટલો અને બીજી જાહેર કંપનીઓમાં ખાનગીકરણ કરવાની પ્રક્રિયા શરૂ થઈ છે. એમાંથી સરકારને અબજો રૂપિયા મળવાની ધારણા છે. મુશ્કેલી એ છે કે સરકાર એક રસ્તે નાણાં મેળવે છે અને બીજે રસ્તે એ નાણાં ખર્ચી પણ નાખે છે. જો આ પ્રવાહ રોકીને ખરેખર બચત કરવામાં આવે તો અર્થતંત્રની કાયાપલટ થઈ જાય અને આટલા ભારે કરવેરા નાખવા પણ ન પડે.દેશમાં વીજળીના ભાવ સતત વધતા જ જાય છે. એ જ રીતે બસનાં ભાડાં પણ સતત વધે છે. કેટલાંય રાજ્યોમાં દેવા હેઠળ કચડાયેલા ખેડૂતો આપઘાત કરી રહ્યા છે. દેશમાં માત્ર ૭૪ હજાર વ્યક્તિઓ વાર્ષિક દસ લાખ રૂપિયા કમાય છે. આવકવેરો ક્યા સિનેમા એકટર પાસેથી કેટલો બાકી છે એના આંકડા અવારનવાર રજૂ થાય છે. પણ એમને કોઈ પ્રકારની આર્થિક કે સામાજિક શિક્ષા થતી નથી. એ જ રીતે ઢગલાબંધ રાજકારણીઓ પણ કોઈ જાતના વેરા ભરતા નથી. એક સંસદ સભ્યને ૧૫ હજાર ટેલિફોન કોલ મફત કરવાની સગવડ હોય છે. આટલા કોલ કરવા માટે રોજ વીસથી પચ્ચીસ મિનિટનો સમય લાગે, પણ આ સંસદસભ્ય દેશના અત્યંત ગંભીર પ્રશ્નોની ચર્ચા માટે સંસદમાં હાજર પણ રહેતા નથી. રાજ્યોની વિધાનસભાઓ તથા સંસદની ચૂંટણી કેટલીકવાર છાશવારે યોજાતી હોય છે. ચૂંટણી પછી જે નવી સરકાર આવે એ પહેલાં તો ઝપાટાબંધ બદલીઓ કરે છે. પરિમામે કરોડો રૂપિયા ખર્ચાઈ જાય છે. એટલું જ નહીં પણ વહીવટમાં પણ ભારોભાર વિલંબ થાય છે. આવી રીતે સામુહિક બદલીઓ ન થાય તો જ વહીવટ સુધરે અને ગરીબ દેશના પૈસા પણ બચે. પણ આપણા દેશનું રાજકારણ જે દિશામાં વળાંક લઈ રહ્યું છે એ જોતાં એમાં કોઈ ફેરફાર થવાની આશા રાખવી નકામી છે. માત્ર સંસદ અને વિધાનસભા જ નહીં પણ મ્યુનિસિપલ કોર્પોરેશનો અને સુધરાઈઓ તથા પંચાયતોમાં પણ સતત પક્ષપલટા અને રાજ ખટપટ ચાલતી રહે છે. પરિણામે, પ્રજાકીય કામો માટે સમય જ રહેતો નથી. રાષ્ટ્રપતિથી માંડી સુધરાઈ સભ્ય સુધી બધા જ રાજકારણીઓ દેશની સંપત્તિ ઉડાવી દેવામાં જ મશગૂલ છે. પરિણામે ધીમે ધીમે સામાન્ય માણસનો વિશ્વાસ લોકશાહીમાંથી જ ઊઠતો જાય છે. આપણે ત્યાં એવું નથી કે સારા અને પ્રમાણિક નેતાઓની ખોટ છે. રાષ્ટ્રપતિપદે બિરાજમાન મોટા ભાગના નેતાઓ બીજી રીતે અત્યંત શેદ્ધ અને પ્રમાણિક હોય છે. જો કે એમાં પણ ડો. રાધાકૃષ્ણન્ અને ઝાકીર હુસેન જેવા માણસોની હવે ખોટ સાલે છે. એ બધા નેતાઓ તદ્દન સાદા અને કરકસરવાળા હતા. આવી નેતાગીરી ફરીથી આપણને મળે એવું ઈચ્છીએ.અબજો રૂપિયાની ચોરી કરીને ભાગી ગયેલા શ્રી વિજય માલ્યા અને નિરવ મોદી હજુ સુધી હાથમાં આવ્યા નથી. કાળાનાણાની આ સંતાકૂકડી ચાલતી જ રહે છે. જે દાઉદ ઈબ્રાહીમથી શરૂ થયેલી છે. થોડા સમય પહેલા શાહરૂખને ચમકાવતી ફિલ્મ 'રઈસ' રજૂ થયેલી જેમાં લતીફની વાર્તા હતી. આ જ રીતે વડોદરાનો રાજુ રીસાલદાર પણ મહા ગીલીન્ડર હતો. તામીલનાડુનો વિરપ્પન મહાચંદનચોર હતો જે એકાઉન્ટરમાં માર્યો ગયો. એ જ રીતે ગુજરાત રાજસ્થાનની બોર્ડર ઉપર દરરોજ કરોડો લીટર દારૂની હેરાફેર થાય છે.રાજસ્થાનના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન વસુંધરા રાજે એ ભલામણ કરીને જેમનું વિદેશ રોકાણ લંબાવ્યું અને પોર્ટુગલ મોકલ્યો એ લલીત મોદી પણ અત્યારે વિદેશ નાસતા ફરે છે આમ આપણે ગરીબ અને બેકાર દેશ છીએ છતાં રોજના લાખો અને કરોડોના ગોટાળા થતાં જ રહે છે. એલ.સી.બી. જેવું ખાતું દરરોજ અમલદારોને પકડે છે પણ એ રકમ બહુ નાની હોય છે અને સરકારી ચોપડે બતાવવા પૂરતી મર્યાદીત હોય છે. તમે બેંકમાંથી લોન લીધી હોય અને મામૂલી રકમ ની હોય અને તમે એકાદ બે હપ્તા મોડા ભરો તો જેલમાં જાવ. અને લલીત મોદી, નીરવ મોદી કે વિજય માલ્યા જેવા મોટા મગરમચ્છ હો તો તમારો કોઈ વાળ વાંકો ન કરે. અત્યારે બે લાખ કરોડ જેટલી જંગી રકમ બેંકમાં ચડત છે અને મોટાભાગની બેંકો ખોટનો વેપાર કરે છે. આ બધુ ચાલતું રહે છે કારણકે રાજકારણીઓ અને ગુનેગારોની વચ્ચે સાંઠગાંઠ છે હાલ માલ્યા કે નિરવ મોદીને ખલનાયક ગણાવવામાં આવે છે પણ એક સમય એ હતો કે આ જ રાજકારણીઓ તેમનો પુરેપુરો લાભ લેતા હતા.માલ્યાને તો ટિકીટ આપીને રાજકારણમાં પણ લાવવામાં આવ્યો હતો.

આઝાદીબાદનો ભ્રષ્ટાચાર

દેશમાં પક્ષ પદ્ધતિ છે પણ એમાં પણ તટસ્થતા નથી જે પક્ષ સત્તા પર હોય બાકીના બધા ગુનેગાર હોય એવું વિચારે છે અને પગલાં લે છે. આવું લગભગ દરેક પક્ષમાં થાય છે. કોઈ પણ પક્ષ આ બાબતમાં ૧૦૦ ટકા શુદ્ધ નથી. કોંગ્રેસ સત્તા પર હોય તો ભાજપ ઉપર બદલો લે અને ભાજપ સત્તા પર હોય તો કોંગ્રેસ ઉપર દાઝ કાઢે. અત્યારે ભાજપ સત્તા પર છે પરિણામે જ્યાં વિરોધપક્ષમાં હોય ત્યાં પક્ષપલટા ટકાવીને સત્તા કબજે કરે છે. કર્ણાટકનો દાખલો આવો જ છે. ત્યાં નાણા વેરીને અને પૈસાની લાલચ આપીને સત્તા કબજે કરી લીધી. એવું જ ગોવામાં બન્યું. આમ કરવામાં એને કોઈની શરમ પણ નથી.ભાજપ વાતો રાષ્ટ્રવાદની કરે છે અને દેશપ્રેમની કરે છે પણ અમલ કોંગ્રેસ મુક્ત ભારતના સુત્રનું કરે છે. પણ એને ખબર નથી કે લોકશાહીમાં વિરોધપક્ષ વગરની સરકાર હોય જ નહીં. આવી સરકાર તો આપખુદ દેશમાં જ હોય. હમણાં વિધાનસભાની ચૂંટણી થઈ ત્યારે રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તરાખંડમાં ફરીથી કોંગ્રેસની સરકાર આવી. રાજસ્થાનમાં પ્રજા અને ધારાસભ્યો વસુંધરા રાજેની આપખુદીથી કંટાળી ગયા હતા પરિણામે એમણે શાસન ગુમાવવું પડયું. એ જ રીતે જ્યાં શાસન હોય શકે જ નહીં. વિનોબાની આ કલ્પના હતી પણ એ સાકાર કરવામાં ઘણી મુશ્કેલી હતી એ મુશ્કેલીઓ દૂર થાય નહીં ત્યાં સુધી બધુ નકામું.આપણો દેશ બધી રીતે અજાયબયુક્ત દેશ છે. વસતી નિયંત્રણો રહે તે માટે લાલત્રિકોણ અપનાવાયો છે પણ હવે તે ક્યાંય દેખાતો નથી. પરિણામે વસ્તી વધારો એટલે થઈ ગયો છે કે લોકો ત્રાહિમામ થઈ ગયા છે. મુંબઈ, કલકત્તા અને દિલ્હી જેવા શહેરો વસતી વધારાથી ફાટફાટ થાય છે. વસતી નિયંત્રણ થતું નથી સીઝરીયન દ્વારા બાળકો પેદા થઈ જાય છે પરિણામે . પૂરતું અનાજ છે તોય ભૂખમરો છે. સસ્તા અનાજની દુકાનેથી મોટાભાગનું અનાજ ગુમ થઈ જાય છે. પૂરતું કાપડ છે તોય નાગાપુગા બાળકો શેરીમાં રખડે છે. સિમેન્ટનું ઉત્પાદન પૂરતું છે તોય શહેરોમાં ફુટપાથો પર ભૂખ્યા ભિખારીઓ તાપ અને ટાઢ અને વરસાદમાં રાત પસાર કરે છે. બળાત્કાર ઉપર ફાંસીની સજાનો કાયદો થયો તોય બળાત્કાર અટકતા નથી. નાના શહેરોમાં પણ રોજ સંખ્યાબંધ સ્ત્રીઓ બળાત્કારનો ભોગ બને છે. આપણી કોઈ ઓફિસ એવી નથી કે જ્યાં લાંચ લેવાતી ન હોય. તાજેતરમાં બિહારમાં દોઢસો બાળકો એક ઝેરી તાવથી મૃત્યુ પામ્યા. નીતિશકુમાર એ હોસ્પિટલની મુલાકાતે ગયા પણ જેવા ગયા તેવા પાછા આવ્યા.આજથી ૨૦ વરસ પહેલા દક્ષિણ એશિયાના ૬ રાષ્ટ્રોમાં ભારત ઉપરથી બીજા ક્રમમાં આવતું આજે નીચેથી બીજા ક્રમમાં આવે છે. આ દેશોમાં ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, નેપાળ અને ભૂતાનનો સમાવેશ થાય છે. કુપોષણની બાબતમાં બાંગ્લાદેશ આજે પણ આપણાથી આગળ છે. ૯૦ના અરસામાં નેપાળ લગભગ બધી બાબતોમાં પાછળ હતું. આજે બધી બાબતોમાં એ આપણી સમકક્ષ છે. બાળમજુરી અને સ્ત્રીઓના અન્યાયની બાબતમાં આપણે પાછળ છીએ.મનમોહનસિંઘના જમાનામાં ભૂખમરાની બાબતમાં આપણો સુચકાંક ૯૭માં ક્રમે છે. આંતરરાષ્ટ્રીય અન્નનીતિ સંશોધન સંસ્થા દ્વારા તૈયાર થયેલા ભૂખમરાના આંકમાં ભારત ૧૧૮ દેશોમાં ૯૭માં ક્રમે આવે છે. આમ આપણે આ બાબતમાં નેપાળ, શ્રીલંકા અને બાંગ્લાદેશ કરતાં પણ પાછળ છીએ. અગાઉ ૧૦૪ દેશોમાં આપણું સ્થાન ૮૦મું હતું. ભારતમાં પાંચ વરસની ઉંમરથી ઓછી વયના પ્રત્યેક પાંચ બાળકે બે બાળકો કૂપોષણથી પિડાય છે. ઉ.કોરીયાનો નંબર ૯૮મો, પાકિસ્તાનનો નંબર ૧૦૭મો અને અફઘાનિસ્તાનનો નંબર ૧૧મો. આ ગતિએ ૪૫ દેશોમાં ૨૦૩૦ સુધીમાં આપણી સ્થિતિ ખાસ સુધરશે નહીં.આગામી છ વરસમાં ભારત દુનિયાનો સૌથી વધુ વસતીવાળો દેશ હશે. આપણી ૧.૪ અબજની વસતી પૂરતો આહાર મેળવીને તંદુરસ્ત રહે અને જીવનમાં સફળ થાય તે નિર્ણાયક બાબત છે. આપણે વિકાસ સાધીએ છીએ પણ તે પૂરતો નથી. ૨૦૦૯ના અંતે ૧૭ ટકા વસતી કુપોષિત હતી. પાંચ વરસથી નાના બાળકોનું પ્રમાણ ૪૮ ટકાથી ઘટીને ૩૮.૭ ટકા થઈ ગયું છે.

પાંચ વરસથી નાના બાળકોમાં મૃત્યુદર ૬.૬ ટકાથી ઘટીને ૪.૮ ટકા થયું છે. દેશમાં ભૂખમરા કે કુપોષણની સમસ્યાનું નિવારણ ખૂબ જરૂરી છે. નહીંતર ૨૦૩૦ સુધીમાં કુપોષણ કે ભૂખમરાની સમસ્યા આપણને ભરખી જશે.આપણા અત્યારના ઐયાશીમાં આળોટતા અને ગુંડાગીરી કરતા રાજકારણીઓને યાદ કરીએ છીએ ત્યારે ભૂતપૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રી યાદ આવે છે. એકવાર એમના ઘરે એક કર્મચારી એ.સી. લગાડી ગયો. બાળકો આનંદમાં આવી ગયા,

કર્ણાવતી મેટ્રો

આપના લખાણ દ્વારા આપના અવાજને વાચા આપો.....આપે શું કરવાનું રહેશે.

આપની સોસાયટી, આપની પોળ, ચાલી, આપના વિસ્તારોના પ્રશ્નો, સમસ્યાઓ, કાગળની એક બાજુએ સુવાચ્ય અક્ષરે લખી મોકલવાની રહેશે, આપ આપના નિવેદનો, તંત્રીને પત્રો, ટુંકા લેખો, સમસ્યા અને પ્રશ્નોની છણાવટ કરી રજુઆત સત્વરે મોકલો.

આપના લખાણ કર્ણાવતી મેટ્રો દૈનિકમાં છપાશે. ઓછા શબ્દે ધારદાર કામની કેડી કંડારો, વીજળી, પાણી, રસ્તા, અનાજ, કેરોસીન, જીવન જરૂરિયાતની ચીજવસ્તુના ભાવ, અસામાજિક પ્રવૃત્તિઓ, પ્રદુષણ અને એવી અનેક સમસ્યાઓની ધારદાર રજુઆત કરો. સત્વરે કલમ ઉપાડો....લખો....અને મોકલો.....નગરના કોઈપણ વિસ્તારના નગરજનોને સળગતી સમસ્યાઓ બાબતે જાગૃતિ કેળવવા માટે.

"કર્ણાવતી મેટ્રો દૈનિક" કાર્યાલય ૫૬, કાપડીયા એસ્ટેટ માર્કેટ ગોલવાડ, રતનપોળ, અમદાવાદ MO : 8758206371

ભદ્રેશ જતીન ઘનશ્યામ

Shree CHAMUNDA DRESSES

Western Kidsware Specialist

Ratanpole, Golwaad Naaka, Ahmedabad.

શ્રી ગોરના કુવાવાળી માં ચેહર

શ્રી ચેહર માતાજીનું મંદિર, ગોરનો કુવો, મણિનગર, અમદાવાદ

માતાજીના ઉપાસક :

માઇ ભક્ત શ્રી રમેશભાઇ ભટ્ટ

દર રવિવારે માઇ ભક્તો મોટી ઉમટી પડે છે.

શતાક્ષી ફાસ્ટ ફુડ કોર્નર

ઇડલી, મસાલા ઢોસા, ઉત્તપા, વડા પાઉં, પફ, ભાજીપાઉં, પુલાવ, સ્પે. ચાઇનીઝ ઇડલી, તથા ચાઇનીઝની દરેક વસ્તુ તેમજ સ્પે. પંજાબી છોલે ભટુરે મળશે

શુભ પ્રસંગના ઓર્ડર લેવામાં આવશે

૧૮, શ્રીધર એપાર્ટમેન્ટ, હરિપુરા, શાક માર્કેટ પાસે, મણિનગર (પૂર્વ) અમદાવાદ

પાર્ટીના ઓવરડોઝ બાદ સવારે લો સુંદરતાની સંભાળ

લગ્નની મોસમની તૈયારીઓને અંતે તો તમે થાકીને લોથપોથ થઈ જવાના. (ચિંતા ન કરશો, એવું એકદમ હોંશિયાર લોકો સાથે પણ બનતું હોય છે). તમે ખૂબ મહેનત કરીને મેળવેલાં પૈસાને યોગ્ય હોય એવા પ્રોડક્ટ્સ કયા એવું તમે કેવી રીતે નક્કી કરી શકો? નાયકાનાં બ્યુટી એડિટર્સ સેંકડો પ્રોડક્ટ્સની સતત સમીક્ષા કરતાં રહે છે અને એમાંથી તમારી સમક્ષ સર્વોત્તમ પ્રકારના પ્રોડક્ટ્સ રજૂ કરે છે. ધારો કે તમે સૂકાઈ ન જાય એવી મેટ લિપ્સ્ટીકની શોધમાં હો, કે કોઈ ચિક હાઈલાઈટરની શોધમાં હો કે વધુપડતા રોમાંચને કાબૂમાં લાવવાનો કોઈ ઝડપી રસ્તો શોધતા હો, આ વખતની લગ્નની મોસમમાં અમે તમને ધ્યાનમાં રાખીને અમુક પરવડી શકે એવી અને ઉત્તમ ચીજો અહીં દર્શાવી છે. આ બધી રૂ. ૫૦૦થી ઓછી કિંમતની છે.આ છે, કેટલાક પરવડી શકે એવા મેકઅપ પ્રોડક્ટ્સ, જેનો તમે લગ્નસરાની આ મોસમમાં સંગ્રહ કરી શકો છોઃ

આ વખતની ચમકદમકવાળી મોસમમાં તમારી પાંપણ પર ગોલ્ડ ટ્વિંકલ લગાડો. સાચું કહીએ તો, અમારી સલાહ છે, રેડિયન્ટ લિકવીડ આઈ શેડો. આ પ્રવાહી આય ટોપરમાં રંગનું ચમકદાર મિશ્રણ હોય છે અને ઝડપથી સૂકાઈ પણ જાય છે. વધારે અસર ઉપજાવવા માટે તમે બીજા આય શેડોની ઉપરના ભાગમાં થપથપાવી શકો છો. જો તમે ગોલ્ડન મૂડમાં હો તો ગોલ્ડન જેમ્મા શેડ વાપરો. ચેતવણીઃ આ ફોર્મ્યુલા એટલી બધી સુંવાળી અને પિગમેન્ટેશનથી ભરપુર છે કે તમારી આંખનો દરેક પલકારો જોઈને તમારી અદેખાઈ કરનારાઓ ચૂપ થઈ જશે.જો કોઈને ચમકદાર એવા લુબોટાઈન સેંડલ પહેરવાની ઈચ્છા થઈ હોય તો ચિંતા ન કરશો. બ્લેક ટુ ગોલ્ડ નેઈલ એનેમલ તમારું સપનું સાકાર કરશે, તમને ગમતા ચળકાટ સાથે, પણ તમારા નખ માટે. સુંદર પોલિશ તમારા નખને સોના જેવી ચમક આપીને સુંદર બનાવશે – શિમી શેડ વડે. સાચી જ વાત છે આ. નામ પ્રમાણે જ આ શેડ સાથે તમે કોઈ પણ કાર્યક્રમમાં ચમકદાર એન્ટ્રી કરી શકશો. છેને મજાની વાત?

તમારે હવે પછીના લગ્નમાં ભલે ગમે ત્યાં જવાનું હોય, સનસ્ક્રીન તો એકદમ જરૂરી છે. તમારા કરકસરભર્યા મેકઅપ લિસ્ટમાં આનું નામ સૌથી ઉપર રહેવું જોઈએ. કોઈ વોટર-બેઝ્ડ, ૫૦ જેટલા ઊંચા એસપીએફવાળો બહોળો વિકલ્પ આપે એવું સનસ્ક્રીન પસંદ કરો જે તમારી ત્વચાને ઠંડી રાખે અને એનું રક્ષણ પણ કરે. અમારી સલાહ છે ન્યુટ્રોજેના અલ્ટ્રાશિયર ડ્રાય ટચ સન બ્લોક એસપીએફ ૫૦ પ્લસ. આ જાણીતી ફોર્મ્યુલા તમારી ત્વચામાં તરત જ શોષાઈ જાય છે, એ સુપર પારદર્શક છે અને એનાથી કોઈ ચિકાશવાળો કચરો થતો નથી. અરીસો ન હોય તો પણ આ લગાડવાનું એકદમ આસાન છે. આ ટ્યૂબની વિશેષતા એ છે કે તમે દરરોજ સનસ્ક્રીન લગાડતા થઈ જશો.નિયમ પહેલો. હેવી-ડ્યૂટી લાલ લિપ્સ્ટીક વગર લગ્નની મોસમ માટેનું કોઈ પણ ચેકલિસ્ટ પૂરું ન થાય. મિની લિપસ્ટીક ઘેરી અસર ઉપજાવતી લાલ લિપ્સ્ટીક છે. આ સુંદર લાલ ફોર્મ્યુલા ક્રીમ જેવી પિગમેન્ટેડ છે અને રાણી જેવી શોભા આપે છે જેથી તમે વટથી ફરી શકો છો અને બધા સાથે હાઈ-હેલો કરતી વખતે તમારે વારંવાર તમારા હોઠને ટચઅપ કરવાની ઝંઝટ રહેતી નથી. આમાં મહત્ત્વની વાત એ છે કે એ ઝાંખી થઈ જાય તો પણ સરસ લાગે છે. ૫૦૦ રૂપિયાથી ઓછી કિંમતના મેકઅપ પ્રોડક્ટ્સમાં આ સૌથી શ્રેષ્ઠ છે.આ એકદમ ઉત્તમ એવું હાઈલાઈટર જો તમારા વેનિટીમાં સ્થાન ધરાવતું ન હોય તો વહેલી તકે એને મેળવી લેજો. અહીંયા વાત આની થાય છે – વેટ એન વાઈલ્ડ મેગાગ્લો હાઈલાઈટિંગ પાવડર. આ એકદમ મોતીની ચમક જેવા ફિનીશવાળી અને આસાનીથી મિક્સ કરી શકાય એવી ફોર્મ્યુલા છે એટલે જ લોકપ્રિય છે. તમારા ગાલ અને હાંસડી આખો દિવસ અને રાત ચમકતા જ રહેશે. વધારાનો લાભ – આ ગ્લુટેન અને પેરાબેન-મુક્ત છે.આ વાંચીને તમે વાળની સંભાળ માટેની તમારી બધી ખર્ચાળ અપોઈન્ટમેન્ટ્સ કદાચ રદ કરી દેશો. પ્રસ્તુત છે મિની સ્પોટલાઈટ હેર પોલિશ. આ એટલું પરફેક્ટ અને સરળ શાઈન સ્પ્રે છે કે તમારી અપડો સ્ટાઈલ વિખેરાઈ જવાની કોઈ ચિંતા નહીં રહે, કારણ કે આ નોન-ક્રિસ્પી ફોર્મ્યુલા છે જેનાથી તમારા વાળ ચોક્કસપણે ચમકદમકવાળા થશે. કાર્યક્રમની અધવચ્ચે જો તમને જણાય કે કોઈ એકલદોકલ વાળ બહાર નીકળીને પજવી રહ્યો છે તો તરત જ નજીકના રેસ્ટરૂમમાં જઈને આ નાનકડી બોટલ કાઢીને પેલા ત્રાસદાયક વાળને ઠીક કરી દેવાનો.વર્કઆઉટ પછી કરવાની રહેતી હળવી ક્રિયાઓ કરવાની હોય કે મોજશોખવાળી પાર્ટીઓમાં જવાનું હોય, એ પહેલાં તમારે અમુક મુંઝવણોનો નિકાલ કરવો જરૂરી હોય છે. રેગ્યુલર ટોઈલેટ પેપર કે ટીશ્યૂ પેપરને જવા દો, હવે જે નવા બ્લોટિંગ પેપર્સ ઉપલબ્ધ છે તે એવા અત્યંત શોષક મટીરિયલવાળા હોય છે જે વધારાનું સીબમ પણ શોષી લે છે. અમારી સલાહ છે, બ્લોટિંગ પેપર્સ વાપરો. જો તમારા કોઈ કંકાસીયા સગા તમને એમ કહે કે, 'તારો ચહેરો આજે બહુ તૈલી દેખાય છે,' તો તરત જ એક શીટ ખેંચી કાઢજો અને સ્ટાઈલથી ચહેરા પર થપથપાવી દેજો. એમાં શું મોટી વાત છે.જાતે કાળજી કેવી રીતે લેવી જોઈએ એની હવે વાત કરીએ. તમે આખો દિવસ પાર્ટીમાં જે કપડાં પહેરી રાખ્યાં હોય એ પરસેવાને કારણે દિવસને અંતે થોડીક વાસ મારે એ સ્વાભાવિક છે. તો તમારે આખો દિવસ એકદમ સ્વચ્છ રહેવું જોઈએ. ભારેખમ લેહંગાઓમાં આખો દિવસ ફર્યા બાદ તમે ધ બોડી શોપ સ્ટ્રોબેરી શાવર જેલનો ઉપયોગ કરો. આ હાઈડ્રેટિંગ વોશ તમારા આખા શરીરની સંભાળ લે છે અને તમારી થાકેલી ત્વચાને રાહત આપે છે. બીજી મહત્ત્વની વાત એ છે કે તમારા શરીરમાંથી તાજી સ્ટ્રોબેરીની સુગંધ આવ્યા કરશે.તમને તમારા મોજમજાનાં પ્રસંગોએ રાહત અપાવી શકે એવી ચીજવસ્તુઓ અમે તમને બતાવી છે અને અમને એનો આનંદ છે. તમે હવે તમારી બેક બેલેન્સની ચિંતા કર્યા વગર આની ખરીદી કરો, તમને ખરેખર પસ્તાવો નહીં થાય.પાર્ટીમાં શેમ્પેનના વધુ પડતા ગ્લાસ ગટગટાવ્યા હોય કે વધુપડતું ચીઝ ઝાપટ્યું હોય અને ઉજાગરો કર્યો હોય એની મુશ્કેલીઓ તો પાર્ટી પૂરી થઈ ગયા પછી જ આવતી હોય છે. પાર્ટીના બીજા દિવસે વ્યક્તિ સાવ નિરસ બની જતી હોય છે. સૌથી વધારે બૂરી હાલત ત્વચા અને વાળની થાય. આખા દિવસનો જે મેકઅપ કર્યો હોય એ તમારી ત્વચા પર ત્રાસ વર્તાવાનો જ. તમારા વાળને જે રીતે કર્લિંગ કર્યા હોય, ક્રિમ્પિંગ કર્યા હોય, સીધા કર્યા હોય અને ભરચક રીતે હેર સ્પ્રે કર્યું હોય એને કારણે તમારા વાળ નિસ્તેજ તો થવાના જ.તો આ સ્થિતિમાં છોકરીઓએ શું કરવું જોઈએ? સ્વાભાવિક રીતે જ, સંપૂર્ણ બ્યુટી ડીટોક્સ કરાવવું જોઈએ, જેમાં દરેક પ્રકારના મેકઅપને અને હીટ-સ્ટાઈલિંગ પ્રોડક્ટ્સને દૂર કરવામાં આવે છે, તમારી ત્વચા અને વાળમાં પોષક દ્રવ્યો પૂરતાં પ્રમાણમાં નાખીને એમને ફરી ચેતનવંતા કરવામાં આવે છે.શરૂઆત ક્યાંથી કરવી એની ખબર નથી પડતી? તો અહીં અમે પ્રસ્તુત કરીએ છીએ તમારા વાળ અને ત્વચાને ઝેરી તત્વોથી આસાનીથી મુક્ત કરાવવા માટેનું માર્ગદર્શન. વાંચો અને જાણો વાળ અને ત્વચાની કાળજી કેવી રીતે લેવી તે વિશે.

સવારે ૧૦ વાગ્યેઃ સૌથી પહેલાં શક્તિવર્ધક ગેટરેડ લો. ત્યારબાદ વીતેલી રાતથી તમારા ચહેરા પર જામી ગયેલો કચરો દૂર કરો. માયસેલર વોટરની બોટલ લો અથવા આપણું નાળિયેરનું તેલ લો. ત્યારબાદ કોઈ સારું એક્સફોલિએટર લગાડો જેથી ત્વચામાં લોહીનું પરિભ્રમણ સુધરશે અને કોષોમાં સ્ફૂર્તિ લાવશે.

સવારે ૧૦.૩૦ વાગ્યેઃ હાઈડ્રેશન કરો. ત્વચાનું ટોનિંગ કર્યા બાદ એની પર વિટામીન-સી ધરાવતું કોઈ પૌષ્ટિક સીરમ લગાડો જેથી ત્વચાની સુસ્તી દૂર થાય. હાયલ્યુરોનિક એસિડસભર કોઈ ક્રીમ લગાડો જેથી શુષ્ક થઈ ગયેલી ત્વચામાં ફરી તાજગી આવે.

સવારે ૧૦.૪૫ વાગ્યેઃ ગઈ રાતનો પિઝ્ઝા ઝાપટી જવાનું મન થાય છે? રહેવા દો. એને બદલે પાલકની ઓમલેટ અને સાથે ગ્રીલ્ડ ટમેટાં ખાવ. ગ્રીન ટી પીવાનું ભૂલશો નહીં, જેથી તમામ ઝેરી પદાર્થો બહાર નીકળી જશે.

સવારે ૧૧.૩૦ વાગ્યેઃ માર્ટિની ખૂબ ગટગટાવ્યા બાદ આંખો લાલ થવાની જ. ઝડપી ઈલાજઃ ઠંડો ચમચો આંખો પર મૂકો જેથી તત્કાળ રાહત મળશે. બીજો રસ્તો એ છે કે કોઈ આયક્રીમ લગાડીને આંખો પર હળવે હાથે માલીશ કરો.

સવારે ૧૧.૪૫ વાગ્યેઃ ભરપૂર પાણી પીઓ. (બાલદી ભરીને, અમે કંઈ મજાક નથી કરતા).

બપોરે ૧૨ વાગ્યેઃ હવે સારું લાગે છેને? તો હવે તમારા વાળની કાળજી લેવાનો સમય થઈ ગયો છે. હૂંફાળું ઓલિવ ઓઈલ અથવા નાળિયેરનું તેલ લો અને માથામાં નાખી તમારી આંગળીઓનાં ટેરવા વડે તાલકા પર માલિશ કરો. પછી ગરમ ભેજવાળો ટુવાલ તમારા વાળ પર વીંટાળી દો અને તમારા વાળને પોષણ મળવા દો.

બપોરે ૧૨.૩૦ઃ આરામ કરો. નેટફ્લિક્સ જુઓ. તાજગી પ્રાપ્ત કરો. ગ્લાસ ભરીને છાશ પી નાખો.

બપોરે ૧.૧૫ વાગ્યેઃ સોરી છોકરીઓ, હજી બપોરે સૂવાનો સમય થયો નથી. કોઈ સલ્ફેટ-ફ્રી શેમ્પૂ અને કન્ડિશનર તમારા ખરાબ થઈ ગયેલા વાળને જીવંત કરી દેશે. સિગારેટના ધૂમાડા, આલ્કોહોલ અને પરસેવાને કારણે તમારા વાળ ખરાબ થઈ ગયા હશે.

બપોરે ૧.૪૫ વાગ્યેઃ થોડીક વધારે કાળજી લો અને ટુવાલ વીંટાળવાથી સૂકા થઈ ગયેલા તમારા વાળમાં કોઈ લીવ-ઈન હેર ક્રીમ લગાડો અથવા કોઈ પોષણદાયક સીરમ (જેમાં કેમેલિયા ઓઈલ હોય) લગાડો. વાળને એર ડ્રાય કરો. ગરમ સ્ટાઈલિંગ કરવાનું નથી.બપોરે ૨ વાગ્યેઃ લંચ લઈ લો. ક્રીમવાળા પાસ્તા કે તેલયુક્ત ચાઈનીઝને બદલે બ્રાઉન રાઈસ, ગ્રિલ્ડ ચીકન કે સાંતડેલા શાકભાજી ખાવ જે પોષણદાયક હોય છે અને પચવામાં આસાન હોય છે.

બપોરે ૩ વાગ્યેઃ ઠીક છે, અમે તમને એકાદ ઝોકું ખાઈ લેવાની છૂટ આપીએ છીએ. એ પછી એક શીટ માસ્ક લો. અમારી સલાહ છે કે કોઈ ચારકોલ માસ્ક લો, એનાથી ઝેરી તત્ત્વો ઝડપથી દૂર થશે.

સાંજે ૪ વાગ્યેઃ ભૂખ લાગી છે? થોડાક સીંગદાણા ખાવ અથવા એક ગ્લાસ કોઈ શાકભાજીનો રસ પીઓ. ભૂખ દૂર થઈ જશે.

સાંજે ૫ વાગ્યેઃ બહાર નીકળીને થોડુંક ચાલો અથવા કોઈક પાવર યોગા કરો જેથી પરસેવો થશે અને ઝેરી તત્ત્વો બહાર આવી જશે. તમારી ત્વચાને રાહત થશે. ચોક્કસ.

સાંજે ૬.૩૦ વાગ્યેઃ એક કપ ગ્રીક યોગર્ટ ખાવ, એનાથી પાચનશક્તિ સુધરશે અને ફૂલી ગયેલું પેટ ઘટી જશે.

રાતે ૮ વાગ્યેઃ ડિનર લઈ લો એ પછી, અમારી સલાહ છે કે મલ્ટી-વિટામીન્સ ફેટ્ટી એસિડ્સ સપ્લીમેન્ટ્સ લો જેથી તમારી ત્વચા અને વાળનું સ્વાસ્થ્ય વધે.

રાતે ૯ વાગ્યેઃ ત્વચા અને વાળ માટે નાઈટકેપ? હા, પ્લીઝ! તમારો નિત્ય ક્રમ પતી જાય એ પછી મુલાયમ સીરમ લગાવો જેથી તમારી ત્વચાના મૃત કોષોને દૂર કરશે. એની પર નાઈટ ક્રીમ લગાડો જે ત્વચાને મોઈશ્ચરાઈઝ કરશે, ત્વચાના ટોનને ઉજળો બનાવશે. કોઈક લીવ-ઈન નાઈટ માસ્ક લગાડવાનું પણ સરસ રહેશે.

રાતે ૧૦ વાગ્યેઃ વહેલા સૂઈ જાવ, જેથી સવારે વહેલા ઊઠાયપ બોનસ ટીપઃ તમારા વાળ સુંવાળા રહે અને એના ગુંચળા ન વડે એટલા માટે તકિયા પર કોઈક સિલ્કનું કવર ચડાવો.

વ્યવસાયી મહિલાની બ્યુટી કેર

ચલ છૈયા છૈયા છૈયા છૈયા... ગીત પડદા પર જોઈને સૌ ઝૂમી ઉઠયા હતા. આ ગીતની કોરિયોગ્રાફીને સૌએ વખાણી હતી. દિલસે ફિલ્મ ભલે નિષ્ફળ ગઈ પરંતુ છૈયા છૈયા ગીતે જગાડેલો જાદુ આજે પણ કાયમ છે. આપણે તો એસી થિયેટરોમાં કે ઘરના હુંફાળા વાતાવરણમાં ફિલ્મો જોઈને કે ગીતો સાંભળીને આનંદ માણીએ છીએ.પડદા પર જાદુ ઉત્પન્ન કરવા પડદા પાછળ રહેલા કસબીઓએ કેટલી મહેનત કરવી પડે છે. તેમને કઈ કઈ સમસ્યાઓનો સામનો કરવો પડે છે એ વાતમાં ઊંડા ઉતરવાનો આપણે ક્યારે પણ પ્રયાસ કર્યો નથી. વ્યવસાયી મહિલા જેના કામકાજના અનિયમિત કલાકો હોય છે. લાંબા સમય સુધી સૂર્યના પ્રખર તાપમાં ઊભા રહી કામ કરવાનું હોય છે તે નારીઓ આ કસબીઓની વ્યથા સારી રીતે સમજી શકે છે.આ મહિલાઓ તેમને સતાવતી સામાન્ય તકલીફોનો સામનો કેવી રીતે કરતી હશે? તેમની ત્વચાની અને વાળની સંભાળ કેવી રીતે રાખતી હશે? વેલ, છૈયા છૈયાની કોરિયોગ્રાફર ફરાહ ખાન આ વાત કબૂલે છે કે ફિલ્મ માટે ડાન્સ કોરિયોગ્રાફર કરવાનું કામ દેખાવ માટે નુકસાનકારક તો છે જ. એમાં પણ ફરાહ ખાનની ત્વચા જરા સમસ્યા સર્જે એવી તો છે જ એટલે લાંબા સમય સુધી તડકામાં કામ કરવાથી આ સમસ્યા વધુ ગંભીર બને છે.અત્યાર સુધી તો તે સનસ્ક્રીન, મોઈશ્ચરાઈઝર જેવી વસ્તુઓ વાપરતા શીખી જ નહોતી પરંતુ તડકામાં ત્વચા બળી જવાથી, આંખ નીચે કરચલી પડવાથી તે ચેતી ગઈ અને હવે તેણે ગોગલ્સ પહેરવાનું તેમ જ ખૂબ જ પ્રમાણમાં એસપીએફ (૫૦ અથવા ૭૦) ધરાવતું સનસ્ક્રીન ખાસ ન્યુઝીલેન્ડથી મંગાવીને લગાડવાનું શરૂ કર્યું છે. શરૂઆતમાં ગોગલ્સ પહેરીને કામ કરતા થોડી ઘણી તકલીફ થઈ હતી પરંતુ હવે તો તે ટેવાઈ ગઈ છે. કેટલાકવાર તો તે બ્રીમ્ડ હેટ પણ પહેરે છે. આ ઉપરાંત સૂકી આબોહવામાં શૂટિંગ માટે જવાનું થાય ત્યારે તેના વાળની હાલત પણ જોવા જેવી થાય છે. વાળમાં ખોડો પડી જાય છે. વળી સ્ટુડિયોમાં પણ લાઈટની ગરમી તેમ જ ધૂમાડા ફેંકતા મશીન સાથે કામ કરવાથી ત્વચા પર ખીલ અને ફોલ્લીઓ થવાની સમસ્યાનો પણ તેણે સામનો કરવો પડે છે. આ કારણે શક્ય હોય તો તે વાળ રોજ જ ધુએ છે અને હમણા હમણા તો તે વિડિયો આસિસ્ટન્ટની માગ કરે છે. આથી તે છાયામાં બેસી ડાન્સરોને દિગ્દર્શન આપી શકે. ફરાહ ખાન જેવી જ સમસ્યા નમ્રતા બરૂઆને પણ સતાવે છે. આ વાત કદાચ માન્યમાં નહીં આવે પરંતુ વાળ માટે મોડેલિંગ કરવાને કારણે તેના વાળ ખરાબ થઈ ગયા છે.મોડેલિંગ ક્ષેત્રમાં તેનો પ્રવેશ જ તેના લાંબા, રેશમી અને ભરાવદાર વાળને કારણે જ થયો હતો. કેશની આ સુંદરતાને કારણે જ તેને ઓર્ગેનિક શેમ્પુની જાહેરાત મળી હતી. પરંતુ ત્રણ વર્ષ પછી તેણે અનુભવ્યું કે તેના સૌંદર્ય વધારતા તેના કેશ આજે એકદમ નિસ્તેજ બની ગયા છે. આ કારણે તેને તેના વાળ કપાવવાની ફરજ પડી છે. તેના વાળ નીચેથી ટુકડા થઈ ગયા છે તેમ જ શુષ્ક ગયા છે. આ કારણે વાળને કોઈ પણ સ્ટાઈલમાં સેટ

પોપ સિંગર મહેનાઝ માને છે કે મેકઅપના થપેડા કરી દિવસો સુધી શૂટિંગ કર્યા પછી તમારા ત્વચાને મોઈશ્ચરાઈઝર જેવી માવજત ન આપવામાં આવે તો લાંબે કારણે તેની અસર જરૂર જણાય છે

કરવાનું કામ ઘણી જહેમત માગી લે છે.હવે કોન્ટ્રેક્ટ પૂરો થયા પછી તેણે વાળની માવજત લેવાનું શરૂ કર્યું છે. સપ્તાહમાં એકવાર તેલથી મસાજ કરવાનો નિયમ બનાવ્યો છે. તેમ જ હેરડ્રાયર વાપરવાનું બંધ કર્યું છે.

હવે તે વાળને ટુવાલથી સૂકવે છે. આ ઉપરાંત પ્રો-વિટામિન ગોળીઓ ગળવાની પણ શરૂઆત કરી છે. ઓર્ગેનિક તેને નામ, દામ અને કામ મેળવી આપ્યા હોવા છતાં પણ હવે વાળ માટેની જાહેરખબર ન સ્વીકારવાના નમ્રતા કાન પકડે છે.ફેશન ડિઝાઈનરે દિવસ દરમિયાન તેમના દેખાવ પ્રત્યે ખૂબ જ સજાગ રહેવું પડે છે આવો મત પ્રખ્યાત ફેશન ડિઝાઈનર નીતા લુલાનો છે. આ કામ જરા મુશ્કેલ તો છે જ પરંતુ ડિઝાઈનરએ આપેલું શિક્ષણ તેને આ કામમાં ઘણું ઉપયોગી પડયું છે. રોજ વાળ ધોવાનો તેનો નિયમ છે પરંતુ એક દિવસ સમયના અભાવે વાળ ન ધોવાય તો તે જેલ લગાડે છે. આને કારણે તેના વાળ વ્યવસ્થિત રહે છે. આ ઉપરાંત તે તેનું મેકઅપ કીટ પોતાની સાથે જ રાખે છે. જેમાં બ્લશર, મસ્કરા, લેશ કર્લર, લીપ કલર, નેઈલ ફાઈલ જેવી વસ્તુઓ હોય છે. આથી જરૂર પડયે તે તેના ચહેરા પર મેકઅપ લગાડી લે છે. તો ઈન્ટીરીયર ડિઝાઈનર ઝરીન ખાને પોતાની ત્વચા અને વાળ જાળવી રાખવાનો વચેટ માર્ગ પસંદ કર્યો છે. નવા બંધાતા બિલ્ડીંગની ઊડતી ધૂળમાં કામ કરવામાં તેમ જ પાર્ટીમાં જવામાં આડે ન આવે એવો આ વચેટ માર્ગ તેને જચી ગયો છે. તે તેના વાળ એકાંતરે દિવસે ધૂએ છે પરંતુ તેને ટૂંકા અને સરળ રાખે છે આથી કામના સમયે તે પોનીટેઈલ બાંધે છે અને સાંજે છૂટા રાખે છે.

આ ઉપરાંત નખ વધારવા કરતા નખ ટૂંકા અને સ્વચ્છ રાખવાનું પસંદ કરે છે.પોપ સિંગર મહેનાઝ માને છે કે મેકઅપના થપેડા કરી દિવસો સુધી શૂટિંગ કર્યા પછી તમારા ત્વચાને મોઈશ્ચરાઈઝર જેવી માવજત ન આપવામાં આવે તો લાંબે કારણે તેની અસર જરૂર જણાય છે. આ ઉપરાંત સ્ટુડિયોની ગરમી અને પ્રદુષણ પણ ત્વચા તેમ જ વાળના દુશ્મન સાબિત થઈ શકે છે.

ભારત કરતા વિદેશમાં પરિસ્થિતિ ખરાબ હોવાનું તે કહે છે, કારણ કે વિદેશમાં રિહર્સલ માટે સ્ટુડિયો ન મળતા હોવાને કારણે તડકામાં કામ કરવું પડે છે. આ કારણે ત્વચા ખરબચડી પડી જવાનો ડર રહે છે તેમ જ ફોલ્લીઓ થવાની પણ શક્યતા છે. પરંતુ સામાન્ય સંજોગોમાં તેની ત્વચા મિશ્ર છે. આથી ગાલ પર રૂઝ લગાડવાથી કામ થઈ જાય છે. હવે તેણે ક્લીનઝર અને મોઈશ્ચરાઈઝર લગાડવાનો તેમ જ વધુ પ્રમાણમાં પાણી પીવાનો અને પૂરતી ઉંઘ લેવાનો નિયમ બનાવ્યો છે.

માતાપિતા માટે સમય પાકી ગયો છે સાઈબર સ્માર્ટ બનવાનો

આ સર્વેક્ષણ મુજબ ભારતીય કિશોર-કિશોરીઓ-યુવા વર્ગ તેમનો મોટાભાગનો ફાજલ સમય સોશ્યલ મિડિયા પર વિતાવે છે. તેઓ તેમના ફાજલ સમયમાંથી ૫૪ ટકા સમય ટ્વીટર પર અને ૮૬ ટકા સમય ફેસબુક પર પસાર કરે છે.એ સમય વિતી ગયો જ્યારે માતાપિતા પોતાના સંતાનોને કમ્પ્યુટર પર કામ કરતાં જોઈને રાજી રાજી થઈ જતાં. તેમને એમ લાગતું કે તેમની સંતાનો કેટલાં સ્માર્ટ છે. હવે એ સમય આવી ગયો છે જ્યારે પોતાના સગીર પુત્ર-પુત્રીઓને લાંબા સમય સુધી કમ્પ્યુટર કે મોબાઈલ ફોન સમય વિતાવતા જોઈને માબાપને ચિંતા થવા લાગે છે. આનું એક કારણ એ પણ છે કે આધુનિક છોકરા-છોકરીઓ તેમના માતાપિતા કરતાં વધુ ટેકનોસેવી છે. અને માબાપ સોશ્યલ નેટવર્કિંગના જોખમોથી આજાણ છે. થોડા સમય પહેલા થયેલા એક સર્વેક્ષણમાં પણ આ વાત સામે આવી હતી.આ સર્વેક્ષણ મુજબ ભારતીય કિશોર-કિશોરીઓ-યુવા વર્ગ તેમનો મોટાભાગનો ફાજલ સમય સોશ્યલ મિડિયા પર વિતાવે છે. તેઓ તેમના ફાજલ સમયમાંથી ૫૪ ટકા સમય ટ્વીટર પર અને ૮૬ ટકા સમય ફેસબુક પર પસાર કરે છે. આ સર્વેક્ષણમાં એમ પણ જાણવા મળ્યું હતું કે ૯૭ ટકા સગીરોએ તેમનું ફેસબુક અકાઉન્ટ બનાવી લીધું છે. તેઓ આવી સાઈટ્સ પર નવા નવા લોકો સાથે મિત્રતા કરે છે. અને તેમને પોતાના ઘરનું સરનામું, ફોન નંબર કે અન્ય અંગત માહિતી પણ આપી દે છે.તેઓ પોતાના ફોટા પણ બહુ ગર્વથી શેર કરે છે. આ સોશ્યલ નેટવર્કિંગ સાઈટ્સ પર તમામ પ્રકારના અશ્લીલ વિડિયો અને લિંક્સ આસાનીથી શેર કરી શકાય છે. તેથી તેઓ પોર્નોગ્રાફી અને નોનવેજ જોક્સ જેવી લિંક્સ પણ આસાનીથી મેળવી શકે છે. તેઓ સતત ઓનલાઈન રહેતાં હોવાથી સાઈબર ક્રાઈમના શિકાર પણ બને છે. જોકે મોટાભાગના માતાપિતાને આ બાબતની જાણકારી નથી હોતી.

ટૂંકમાં એમ કહી શકાય કે દર ચારમાંથી એક સગીર સાઈબર બુલિંગનો શિકાર બનવાને કારણે ગુસ્સા અને હતાશાનો ભોગ બને છે.આ સર્વેક્ષણમાં એમ પણ જાણવા મળ્યું હતું કે ૫૩ ટકા જેટલા માબાપ પાસે એ જાણવાનો સમય જ નથી હોતો કે તેમના સંતાનો ઓનલાઈન શું કરે છે. જ્યારે ૬૦ ટકા માતાપિતાઓએ કબૂલ્યું હતું કે તેમના સંતાનો તેમના કરતાં વધુ ટેકનોસેવી હોવાથી તેમને સમજ નથી પડતી કે તેમના દીકરા-દીકરીઓ ઈન્ટરનેટ પર શું કરી રહ્યાં છે.

જોકે તેમને એ વાતની ચિંતા જરૂર હોય છે કે તેમના સંતાનો ઈન્ટરનેટ પર શું જોઈ રહ્યાં હશે.મુંબઈની એક અંગ્રેજી માધ્યમની શાળામાં અભ્યાસ કરતો પાર્થ ૧૦ વર્ષની વયથી ફેસબુક અકાઉન્ટ ધરાવે છે. અલબત્ત,તેણે પોતાનું ફેસ બુક અકાઉન્ટ ખોલતી વખતે પોતાની વય વધુ દર્શાવી હતી. પણ તેને તેમાં કાંઈ ખોટું નહોતું લાગ્યું. તે કહે છે કે શાળાએથી ઘરે ગયા પછી તે તેના મિત્રો સાથે ચેટ કરે છે, ગેમ્સ રમે છે. પણ મહત્વની વાત એ છે કે તે આ બધું તેના ઘરના વડિલો સામે નથી કરતો. અને આમ કરવાવાળો પાર્થ એકમાત્ર સગીર નથી.નિષ્ણાતો કહે છે કે આજે ૧૦થી ૧૪ વર્ષની વયના હજારો કિશોર-કિશોરીઓ ફેસ બુક અકાઉન્ટ ધરાવે છે. વાસ્તવમાં આ વયમાં તેમની સમજ વિકસી રહી હોય છે. પરંતુ તેમનામાં પૂર્ણ સમજ નથી આવી હોતી. જ્યારે તેઓ એવા ભ્રમમાં રાચતા હોય છે કે હવે તેઓ મોટા અને સમજદાર થઈ ગયા છે.આવી સ્થિતિમાં માતાપિતાને પોતાના સંતાનોને કાઉન્સેલર પાસે લઈ જવાની નોબત આવે છે. તેઓ કાઉન્સેલરોને કહે છે કે તેમના સંતાનો રાતભર ઓનલાઈન રહે છે તેની અસર તેમના સ્વાસ્થ્ય અને અભ્યાસ પર પડે છે. આમ છતાં તેઓ તેમની વાત સાંભળતા નથી. તેમને એમ લાગે છે કે તેમના વડિલો નાહક તેમની વાતમાં ચંચૂપાત કરે છે. તેમને લાંબા કલાકો ઓનલાઈન ગાળવામાં કાંઈ હાનિકારક નથી લાગતું.

કાઉન્સેલરો પણ કહે છે કે આ સ્થિતિ જોખમી છે. ૧૩-૧૪ વર્ષના છોકરા-છોકરીઓના વિચારો એકદમ અલગ હોય છે. તેમને બધું ઝટપટ ખપે છે. તેમની નિર્ણય શક્તિ હજી વિકસિત અવસ્થામાં હોય છે. આવી સ્થિતિમાં જો તેમને વારંવાર ટોકવામાં કે વઢવામાં આવે તો તેઓ લઘુતાગ્રંથિનો શિકાર બની શકે છે. અથવા તેનાથી તદ્દન ઊંધુ પણ બની શકે. તેઓ પોતાના માતાપિતાથી છૂપાવીને ઈન્ટરનેટ, સોશ્યલ મિડિયાનો ઉપયોગ કરે એવું પણ બને.આવી સ્થિતિ ટાળવા તેમની સાથે સમજાવટથી કામ લો. શ્રેષ્ઠ માર્ગ એ છે કે તેમને અજાણ્યા બનીને પૂછો કે ફેસ બુક કે ટ્વીટર અકાઉન્ટ શું છે. ત્યાર બાદ તમે પોતે આવી સોશ્યલ નેટવર્કિંગ સાઈટમાં સામેલ થઈ જાઓ. ત્યાર પછી તમે તેમને તમારા ફ્રેન્ડ્સ લિસ્ટમાં જોડી દો.આમ કરવાથી તે આવી સોશ્યલ નેટવર્કિંગ સાઈટ પર શું પોસ્ટ કરે છે તેના પર તમે સ્વયં નજર રાખી શકશો. જો તેઓ આવી સાઈટ પર કોઈ અપશબ્દ લખે કે અણછાજતી કમેન્ટ કરે તો તે કમેન્ટ ડિલિટ કરવાથી પહેલા તેને ઓફલાઈન સેવ કરી લો. આ સિવાય તેની શાળાના કાઉન્સેલર સાથે તેના વિશે વાત કરો જેથી તેને સ્કુલમાં કોઈ પ્રકારની સમસ્યાનો સામનો ન કરવો પડે.નિષ્ણાતો કહે છે કે આજની તારીખમાં સગીર કે યુવાન સંતાનોને સોશ્યલ નેટવર્કિંગ સાઈટ્સથી દૂર રાખવાનું અશક્ય છે. પરંતુ એવું કાંઈક કરો જેથી તેઓ તેની પાછળ ઝાઝો સમય ન વેડફી શકે.

જેમ કે તેના આખા દિવસનું સમયપત્રક એવી રીતે તૈયાર કરો કે તે ઈન્ટરનેટ પર સૌથી ઓછો સમય ફાળવી શકે. તેના અભ્યાસ ઉપરાંત તેં રમતગમત કે સંગીતનૃત્ય જેવી કોઈક પ્રવૃત્તિમાં રસ લેતો થાય એવું આયોજન કરો.સંતાનો સાથે મિત્રતા કરો અને તેમનામાં એવો વિશ્વાસ પેદા કરો કે તેઓ તમને પોતાની બધી વાતો કહેતાં થાય. જરૂર પડયે તેને કાઉન્સેલર પાસે લઈ જાઓ.

ફ્લાવર શોને લંબાવાયો, દિવસ મહિલા, બાળકો અને સિનિયર સિટિઝન્સને ફ્રી એન્ટ્રી આપવામાં આવશે

અમદાવાદઃ શહેરીજનો માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા યોજવામાં આવેલા ફ્લાવર શો ૨૦૨૦માં લોકોના ધસારાને ધ્યાનમાં રાખી કોર્પોરેશન દ્વારા આ ફ્લાવર શો વધુ બે દિવસ માટે ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ૨૦ અને ૨૧મી જાન્યુઆરીના રોજ ફ્લાવર શો ચાલુ રહેશે. મહત્વનું છે કે, ૪ જાન્યુઆરીએ શરૂ થયેલા ફ્લાવર શોનો આજે અંતિમ દિવસ હતો. આજે ફ્લાવર શોમાં ભારે ભીડ જોવા મળી હતી. જેના પગલે હજી બે દિવસ આ ફ્લાવર શો ચાલુ રાખવામાં આવશે. આ બે દિવસ મહિલાઓ, બાળકો, સિનિયર સિટિઝન અને વિકલાંગોને વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવશે તેવી જાહેરાત કરી છે.

રૂ.૧૮ લાખની લાંચ લેતા ઝડપાયેલા પીઆઈ ડી.ડી. ચાવડાની વધુ એક ગુનામાં ધરપકડ

અમદાવાદઃ

લાંચ મામલે જૂનાગઢ એસીબી પીઆઇ ડી.ડી. ચાવડા(દેવેન્દ્ર ચાવડા)ની ધરપકડ કરવામાં આવી છે. જૂનાગઢમાં રૂ.૧૮ લાખની લાંચ લેતા ઝડપાયેલા ડી.ડી. ચાવડાની રાજકોટના એસીબી આસિસ્ટન્ટ ડાયરેક્ટરે ચાવડાની ધરપકડ કરી છે. આ પહેલા જૂનાગઢ સેશન્સ કોર્ટે ચાવડાની આગોતરા જામીન અરજી ફગાવી દેતા એસીબીને ટ્રાન્સફર વોરન્ટ મળ્યું હતું.

જેથી આજે(૧૯ જાન્યુઆરી) તેને સાબરમતી જેલમાંથી રાજકોટ લઈ જવામાં આવ્યા હતા જ્યાં વધુ એક ગુનામાં તેની ધરપકડ કરવામાં આવી હતી. આ મામલે ડી.ડી.ચાવડાની પૂછપરછ ચાલી રહી છે અને આવતીકાલે તેને કોર્ટમાં રજૂ કરી વધુ રિમાન્ડ માંગવામાં આવશે.

ગત ડિસેમ્બરમાં જૂનાગઢ એસીબીના પી.આઈ. ડી.ડી. ચાવડા ઓફિસ કામથી અમદાવાદ ખાતે છઝમ્ની વડી કચેરીએ આવ્યા હતા. કચેરીમાં કામ પૂર્ણ કર્યા પછી જૂનાગઢ જવા નીકળ્યા હતા. આ દરમિયાન સનાથલ ચોકડી પાસે તેમને નિશ્ચિત વ્યક્તિઓ મળી હતી અને મિઠાઈના બોક્સ આપ્યાં હતાં. પી.આઈ. ચાવડાએ જેવા બોક્સ સ્વિકાર્યા તે સાથે જ અમદાવાદ **ACB**ની ટીમે તેમને ઘેરી લીધાં હતાં. વર્ષ ૨૦૧૮માં જૂનાગઢ **ACB**માં ગૌચર જમીનના કેસમાં પૂર્વ સરપંચને આરોપીના બદલે સાક્ષી તરીકે લેવાના મુદ્દે લાંચ માગવામાં આવી હતી. ગૌચર જમીન કેસમાં પોરબંદરથી બે-ત્રણ અરજી આવી હતી તેનો નિકાલ કરવા માટે કુલ રૂ.૨૦ લાખ મગાયા હતા, તેમાં નક્કી થયેલા રૂ.૧૮ લાખ સ્વિકારતાં જૂનાગઢ **ACB** પી.આઈ. ડી.ડી. ચાવડા અમદાવાદ **ACB**ના હાથે ઝડપાયા હતા.

રૂ. ૧૮ લાખની લાંચ લેતા ઝડપાયા બાદ ડી.ડી. ચાવડા સામે જૂનાગઢમાં હોસ્પિટલ ધરાવતા ડોક્ટરે રૂ.૧૫ લાખની લાંચ માંગવાનો કેસ કર્યો હતો. ફરિયાદી ડોક્ટર અને તેના મિત્ર જૂનાગઢમાં હોસ્પિટલ ચલાવી છે. આ હોસ્પિટલ રહેણાંક વિસ્તારમાં હોવાથી આ અંગે કોર્ટમાં દાવો દાખલ કરવામાં આવ્યો છે. જેની કોર્ટ કાર્યવાહી ચાલુ હતી આ દરમિયાન ખાનગી વ્યક્તિ દ્વારા તેમની વિરૂદ્ધ જૂનાગઢમાં હોસ્પિટલના બાંધકામ તથા વપરાશ સંબંધિત જુદી જુદી અરજીઓ થઈ હતી. જેથી ચાવડાએ ડોક્ટરનો સંપર્ક કરી આ અરજીની તપાસ પોતાની પાસે હોવાનું જણાવી ફરિયાદી ડોક્ટર પાસેથી રૂ.૧૫ લાખ રૂપિયાની માગણી કરી હતી. તેમજ વોટ્સએપ કોલક ધમકી આપી હતી કે, તું તોપના નાળચા ઉપર બેઠો છે અને હું ઉડાડીશ એટલે બધાને અસર થશે.

બાપુનગર હીરાની લૂંટ અને ફાયરિંગ કેસમાં બેની

અમદાવાદઃ

બાપુનગર પોલીસ સ્ટેશન પાસે આંગણિયાકર્મી પર ફાયરિંગ કરી ૬.૭૧ લાખના હીરાની લૂંટ મચાવનાર બે આરોપીની પોલીસે ધરપકડ કરી છે.

પોલીસે બાતમીના આધારે પાલડી નવચેતન સ્કૂલ પાસેથી ફાયરિંગ અને લુંટના આરોપી છત્રપાલસિંહ હર્ષદસિંહ સોલંકી (રહે- કચ્છ) અને યશપાલસિંહ મહેન્દ્રસિંહ રાણા (રહે- ભાવનગર)ની ધરપકડ કરી છે. આરોપી છત્રપાલસિંહએ હિન્દી અને અંગ્રેજી ફિલ્મ જોઈ અને લૂંટ કરવાનું વિચાર્યું હતું. એક મહિના સુધી બાપુનગરમાં રેકી કરી હતી. ઉત્તરપ્રદેશથી હથિયાર લાવ્યા હતા. આરોપીએ છત્રપાલસિંહએ અમદાવાદમાં રહેતી તેની બહેનનું એક્ટિવા કામ છે તેમ કહી માંગ્યું હતું. એક્ટિવા લઈ અને લૂંટ કરવા નીકળ્યા હતાં.

બે રાઉન્ડ ફાયરિંગ કરીને હીરાના પાંચ પેકેટ લઈને આરોપી ફરાર થયા હતા

આંગડિયા પેઢીમાં કામ કરતા કર્મચારી જિગ્નેશ સુતરિયા ૧૬ જાન્યુઆરી ગુરુવારે રાત્રે ૧૧.૩૦ વાગે પેઢી બંધ કરી બહાર નીકળ્યા ત્યારે સામેના રોડ તરફથી બે અજાણ્યા યુવકો તેમની સામે આવ્યા હતા અને એકે હવામાં બે રાઉન્ડ ગોળીબાર કર્યો હતો. ત્યારબાદ તેઓ જિગ્નેશભાઈના હાથમાંથી હીરાના પાંચ પેકેટ અને અન્ય પેકેટ મળી કુલ રૂ.૬.૭૧ લાખની મત્તા લૂંટી ગયા હતા અને સામે પાર્ક કરેલી એક્ટિવા લઈ નાસી ગયા હતા.

શિક્ષણ બોર્ડ ધો. ૧૦, ૧૨ની ડુપ્લિકેટ માર્કશીટ હવે ઘેર બેઠાં મોકલી આપશે

અમદાવાદ

હવે વિદ્યાર્થીઓને ધો.૧૦ અને ધો.૧૨ની ડુપ્લિકેટ માર્કશીટ લેવા માટે ગાંધીનગર સુધી લાંબા થવાની જરૂર નહીં પડે. બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓને ડુપ્લિકેટ માર્કશીટ ઘેરબેઠાં જ મળી જાય તે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે અને હાલમાં તેનું ટેસ્ટિંગ ચાલી રહ્યું છે. ટેસ્ટિંગ સફળ રહ્યા બાદ આ સિસ્ટમ વિદ્યાર્થીઓ માટે ખુલ્લી મૂકવામાં આવશે. શિક્ષણ બોર્ડ દ્વારા ૧૯૫૨થી લઈને અત્યાર સુધીની તમામ માર્કશીટનું ડિજિટલાઈઝેશનનું કામ પૂર્ણ કરી દેવાયું છે. જેમાં અંદાજે પાંચ કરોડ કરતા વધુ માર્કશીટ ઓનલાઈન ઉપલબ્ધ કરાવવાની કામગીરી પૂર્ણ થતા ટેસ્ટિંગની પ્રક્રિયા શરૂ કરાઈ છે. જેથી ટૂંક સમયમાં વિદ્યાર્થીઓને આ સિસ્ટમનો લાભ મળશે અને વિદ્યાર્થીઓના નાણાં અને સમયનો વ્યય થતો અટકશે. શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધો.૧૦ અને ધો.૧૨ની પરીક્ષા બાદ પરિણામ જાહેર કરાય છે. ઘણા કિસ્સામાં વિદ્યાર્થીઓની માર્કશીટ ખોવાઈ જાય કે ફાટી જાય તેવા સંજોગોમાં વિદ્યાર્થીઓને ડુપ્લિકેટ માર્કશીટ બોર્ડ દ્વારા આપવામાં આવતી હોય છે. ડુપ્લિકેટ માર્કશીટ માટે વિદ્યાર્થીએ ગાંધીનગર સ્થિત બોર્ડની કચેરી સુધી લાંબા થવું પડતું હતું. જ્યાં બોર્ડ દ્વારા વિદ્યાર્થી દ્વારા આપવામાં આવેલી માહિતીની મેન્યુઅલી ચકાસણી કરી બે કલાકમાં જ વિદ્યાર્થીઓને ડુપ્લિકેટ માર્કશીટ આપી દેવામાં આવતી હતી.

શિક્ષણ બોર્ડ દ્વારા જ્યારથી બોર્ડની પરીક્ષા લેવાનું શરૂ કરાયું ત્યારથી લઈને અત્યાર સુધી એટલે કે, ૧૯૫૨થી લઈને અત્યાર સુધીની તમામ ધો.૧૦ અને ધો.૧૨ની માર્કશીટનું ડિજિટલાઈઝેશન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજે પાંચ કરોડ જેટલી માર્કશીટના ડિજિટલાઈઝેશનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હવે વિદ્યાર્થીઓને ઘેર બેઠા માર્કશીટ મળી જાય તે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. હાલમાં બોર્ડ દ્વારા તૈયાર કરાયેલી નવી સિસ્ટમનું ટેસ્ટિંગ કરવામાં આવી રહ્યું છે. આ ટેસ્ટિંગ સફળ રહ્યા બાદ સિસ્ટમ વિદ્યાર્થીઓ માટે ખૂલ્લી મૂકાશે.

નવી સિસ્ટમ અંતર્ગત વિદ્યાર્થીઓએ ડુપ્લિકેટ માર્કશીટ માટે ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે અને ડુપ્લિકેટ માર્કશીટની નિયત કરેલી ફી ભરવાની રહેશે. આ ફી ભર્યા બાદ બોર્ડ દ્વારા નક્કી કરેલા સરનામાં પણ બેથી ત્રણ દિવસમાં કુરિયર મારફતે માર્કશીટ મોકલી દેવાશે. આ સિસ્ટમને લઈને બોર્ડ દ્વારા જીર્મે સાથે ટાઈઅપ પણ કરી લીધું છે. જેથી આ સિસ્ટમ એકવાર અમલમાં આવ્યા બાદ રાજ્યના ગમે તે ખૂણામાંથી વિદ્યાર્થી ઓનલાઈન એપ્લિકેશન કરી ફી ભરશે તેના ત્રણેક દિવસમાં માર્કશીટ પહોંચતી કરી દેવાશે.

વિદ્યાર્થીઓને ઘેરબેઠા જ માર્કશીટ મળી રહે તે હેતુસર ૧૯૫૨થી લઈને અત્યાર સુધીની માર્કશીટનું ડિજિટલાઈઝેશન કરી દેવામાં આવ્યું છે. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સિસ્ટમમાં કોઈ ખામી છે કે કેમ તેની ચકાસણી માટે હાલમાં ટેસ્ટિંગની પ્રક્રિયા ચાલી રહી છે. ચકાસણી પૂર્ણ થયા બાદ સિસ્ટમને અમલમાં મૂકવાની સત્તાવાર જાહેરાત કરાશે. ત્યારબાદ વિદ્યાર્થીઓ ગમે ત્યાંથી ઓનલાઈન ફોર્મ ભરી નિયત ફી ભરશે તો તેમને ઘરે બેઠા જ ડુપ્લિકેટ માર્કશીટ મળી રહેશે.

અડાલજમાં નર્મદાનાં નીર પહોંચાડવા ૧૮.૩૭ કરોડના ખર્ચે પાઈપલાઈન નખાશે

ગાંધીનગરઃ

ગાંધીનગરની ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર ૧૦ એટલે કે અડાલજ વિસ્તારમાં પીવા માટે નર્મદાના પાણી આપવાની દિશામાં ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. તેના માટે ઈજનેરી શાખા દ્વારા રૂપિયા ૧૮.૩૭ કરોડના ખર્ચ અંદાજ તૈયાર કરવાની સાથે ડિઝાઈન અને નકશા તૈયાર કરી દેવામાં આવી છે.

આ અંગેની તમામ કાર્યવાહી બાદ પાઈપલાઈન નેટવર્ક, વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશન અને પાણી સંગ્રહની ટાંકીના બાંધકામ સહિતની કામગીરી હાથ ધરવામાં આવી હોવાનું ઈજનેરી સૂત્રો દ્વારા જણાવવામાં આવ્યું છે. આ અંગે અધિકારી સૂત્રોએ જણાવ્યું કે અડાલજ નગર રચના યોજનાના ૧૮૫.૭૦ હેક્ટર વિસ્તારમાં આવેલા રહેણાંક વિસ્તારને આ યોજના અંતર્ગત આવરી લેવામાં આવશે. ગાંધીનગર શહેરના સીમાડે જ આવેલા અને વાવના કારણે દેશ વિદેશમાં પ્રસિદ્ધ એવા અડાલજ ગામના ટાઉન પ્લાનિંગ સ્કીમના વિસ્તારમાં રહેતા અંદાજે ૬ હજારથી વધુ પરિવારો માટે હાલમાં બોરના પાણી આધારિત નેટવર્ક ગોઠવાયેલું છે.

આ તમામ પરિવારને આગામી દિવસોમાં પીવા માટે શુદ્ધ પાણી મળવાનુ છે. જેના માટે રહેવાસીઓ દ્વારા લાંબા સમયથી માગણી કરાઈ રહી હતી. પાટનગરમાં છેલ્લા કેટલાક સમયથી ગુડા વિસ્તારમાં આવેલી કેટલીક સોસાયટીઓને નર્મદાનું પાણી મળતું નથી. તેથી આ વિસ્તારના રહીશોની સુવિધા માટે આવું આયોજન કરાયું છે.અડાલજમાં દરેક ઘરે પાણી પહોંચાડવા માટે અંદાજે ૧૨ કિલોમીટર જેટલી લંબાઈની પાઈપલાઈન બિછાવીને પાણીના વિતરણનું નેટવર્ક ગોઠવવાનું જરૂરી બનશે. ઈજનેરી સૂત્રોએ જણાવ્યું કે ૫ લાખ લીટરની સંગ્રહ ક્ષમતા ધરાવતી ઉંચી ટાંકી બંધાશે અને ડિસ્ટ્રિબ્યુશન સેન્ટરનું મકાન, તેના માટે જરૂરી રસ્તા અને કમ્પાઉન્ડ વેલ બાંધવા સહિતના કામ હાથ ધરાશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા અડાલજ વિસ્તારમાં પાણીની યોજના પાર પાડવા માટે લાંબા સમય સુધી પ્રક્રિયા ચાલતી રહી હતી અને ટેન્ડર પ્રક્રિયામાં વધુ સમય પસાર થયો હતો.

હવે જો સમયસર કામગીરી પૂર્ણ થઈ જશે તે આગામી ઓગસ્ટ મહિનામાં અથવા વર્ષના અંત સુધીમાં સમગ્ર નગર રચના યોજનાના વિસ્તારના દરેક ઘરે નર્મદાના પાણી પહોંચી જવાની આશા રાખી શકાય તેમ છે.

વેરાવળમાં સગા બાપે પુત્રીને ભણાવવી ન પડે તેથી ઢોર માર મારીને કરી હત્યા

વેરાવળ

વેરાવળનાં ઈણાજ ગામમાં પિતાએ જ ધોરણ ૧૧માં ભણતી દીકરીને બળજબરીથી ઝેરી દવા પીવડાવીને હત્યા કરી દીધાની માહિતી સામે આવી રહી છે. આ દીકરીને વધુ અભ્યાસ કરવો હતો તેથી સગા પિતા માલદે બાલુ સોલંકીએ હિચકારૂ પગલુ ભર્યું હતું.

આ મામલે મળતી માહિતી પ્રમાણે વેરાવળનાં ઈણાજ ગામે અભ્યાસ ન કરવા દેવા માટે ૧૬ વર્ષની દીકરી હિરલને બેફામ માર મારી ઝેરી દવા પીવડાવી પિતાએ હત્યા કરી નાંખ્યાનો ઘટસ્ફોટ થયો છે. પિતાએ પરિવારની સામે ગત ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૯નાં રોજ દીકરીને પહેલા ઢોર માર માર્યો હતો. જે બાદ પરિવારને ધમકી આપતા જણાવ્યું હતું કે, આ વાત કોઈને કહેશો તો બધાને પતાવી દઈશ. તે જ દિવસે સાંજે હિરલનાં ફરી પાછા હાથપગ બાંધી ઈલેક્ટ્રીકના સર્વિસ વાયર વડે માર મારી બળજબરીથી ઝેરી દવા પીવડાવી હત્યા કરી નાખી હતી. આ આખુ કૃત્ય તેની પત્ની કંચનબેન અને તેના પુત્ર તથા પુત્રીની સામે જ કર્યું હતું. પરંતુ આપેલી ધમકીને કારણે તે દિવસે કંઈ બહાર આવ્યું ન હતું.થોડા દિવસો બાદ મૃતકના મામાએ તેના સાળા માલદે સામે દીકરીને મારી નાખવાનો આક્ષેપ કર્યો હતા.

જેથી મૃતકની માતાએ પરીવારજનોને વાત કરેલ હતી. આ બાદ પ્રભાસપાટણ પોલીસે હિરલની નાની બહેન તથા નાનાભાઈને સાક્ષી બનાવી કોર્ટમાં તેનું નિવેદન લીધેલ હતું. જે બાદ હત્યારા પિતાનાં મોબાઈલ લોકેશનનાં આધારે ઝડપી પાડ્યો હતો. આ અંગે તપાસનીશ અધિકારી પી.આઈ. રાઠવાએ જણાવેલ હતું કે, 'ગઈ તારીખ ૨૯-૯-૨૦૧૯ના બનાવમાં તા. ૧૮-૧-૨૦૨૦ના રોજ ફરીયાદ નોંધાયેલ છે. જે તે સમયે આરોપી પિતા પત્ની અને બાળકોને મારી નાંખવાની ધમકી આપીને ભાગી ગયો હતો પરંતુ પોલીસે ફરિયાદ નોંધાયા બાદ તેની ધરપકડ કરી લીધી છે.'

અમદાવાદ : વિદ્યાર્થીને ફ્રેન્ડશીપ ક્લબમાં ફોન કરવો ભારે પડ્યો, હજારો રૂપિયા ગુમાવ્યાં

અમદાવાદ

તમે અખબારોમાં વિવિધ પ્રકારની ફ્રેન્ડશીપ ક્લબની જાહેરાત તો વાંચી જ હશે. અને અનેક લોકો તેમાં રસ દાખવી ફોન પણ કરતા હોય છે. હવે આવા ફોન કરતા પહેલા ચેતવાની જરૂર છે. કારણકે, નવરંગપુરામાં રહેતા એક યુવકને ફ્રેન્ડશીપ ક્લબમાં ફોન કરવાનું ભારે પડ્યું છે. રજીસ્ટ્રેશનનાં નામે ઠગ ટોળકીએ તેના ૪૪ હજાર રૂપિયા સેરવી લેતા આખરે પોલીસની મદદ લેવી પડી છે.

મૂળ મહેસાણા અને નવરંગપુરામાં સ્થાનકવાસી જૈન છાત્રાલયમાં રહેતા વૈભવ શાહ સીએનો અભ્યાસ કરે છે. ગત ૨૦મી નવેમ્બરનાં રોજ તેણે ઓનલાઈન ફ્રેન્ડશીપ માટે સર્ચ કર્યું હતું. જેથી જે તે જગ્યાએથી ક્લબમાં જોડાવવા માટે ત્રણ માસના એક હજારની માંગણી કરાઈ હતી. ત્યારબાદ એક હજાર ગુગલ પેથી ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં અનેક યુવતીઓના ફોટો તેને મોકલવામાં આવ્યા હતા. જેમાંથી એક યુવતીનો ફોટો સિલેક્ટ કરતા નેહા નામની યુવતી સાથે સંપર્ક થયો હતો. નેહાએ સેફ્ટી કોડ લેવો પડશે તેમ કહી એક વર્ષ અને લાઈફ ટાઈમનાં ભાવ જણાવતા વૈભવે એક વર્ષના કોડની વાત કરતા ૧૬,૫૦૦ ટ્રાન્સફર કર્યા હતા. આ નાણા નેહા મળશે બાદમાં રિફંડ તઈ જશે તેમ કહ્યું હતું.ત્યારબાદ આ નાણા જે તે એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવાના ન હતા

તેની બાબતોમાં ભોળવી એક ક્રીમ કંપનીમાંથી લેવું પડશે તેમ કહી અન્ય નાણા પડાવ્યા હતા. આમ અલગ અલગ રીતે ૪૪ હજાર રૂપિયા પડાવી લેતા યુવકે આ ઝંઝટમાંથી બહાર આવવા કહીને પૈસા પરત માંગ્યા હતા. પણ નાણા પરત ન મળતા સાયબર ઈન્સિડેન્ટ રિસપોન્સ યુનિટમાં અરજી કર્યા બાદ તેણે નવરંગપુરામાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

નવા બજેટમાં રાજ્ય સરકાર ૭ લાખ મજૂરોને મફત પ્રવાસની ભેટ આપશે

ગાંધીનગરઃ

ગુજરાતમાં કામ કરતા સાતથી આઠ લાખ બાંધકામ મજૂરોને ગુજરાત સરકાર મફત બસ મુસાફરીની ભેટ આપવા જઈ રહી છે. આ મજૂરોને સિટી બસ અને એસટી બસમાં બિલકુલ મફતમાં જ મુસાફરી કરવા મળશે. આગામી બજેટમાં રાજ્ય સરકાર તરફથી આ જાહેરાત કરાય તેવી શક્યતા છે.

ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગે આ દરખાસ્ત નવી બાબત તરીકે રાજ્યના નાણાં વિભાગની મંજૂરી માટે મોકલી આપી છે. આ માટે અંદાજે પચાસ કરોડ રૂપિયાની ફાળવણી કરવાની દરખાસ્ત કરાઈ છે.

જો કે હજુ આ દરખાસ્ત અંગે નાણાં વિભાગની મંજૂરી મળ્યા બાદ જ આ યોજનાનો બજેટમાં સમાવેશ થશે તેમ રાજ્ય સરકારના સૂત્રો એ જણાવ્યું હતું.

ગુજરાત બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ પાસે રહેલી બાંધકામ સેસના ફંડમાંથી આ યોજનાનો ખર્ચ કરવામાં આવશે અને તેનું કોઈ નવું ભારણ સરકારની તિજોરી પર પડશે નહીં તેમ પણ સૂત્રોએ ઉમેર્યું હતું. બાંધકામ મજૂરો તેમના વતનથી કામના વિસ્તારો વચ્ચે મુસાફરી કરતા રહેતા હોવાથી તેમને સરળતા રહે તેવા હેતુથી આ યોજના જાહેર કરાશે.

આ અંગે વિભાગના અધિક મુખ્ય સચિવ વિપુલ મિત્રાએ જણાવ્યું કે આ બાબત અંગે કોઈ હાલ વાત કરી શકાશે નહીં. પરંતુ સરકાર બાંધકામ શ્રમયોગીઓના કલ્યાણ માટે સતત નવી યોજનાઓ અંગે કામ કરતી રહે છે. અન્નપૂર્ણા યોજના પણ આવાં જ હેતુથી શરૂ કરાઈ છે કે જેમાં શ્રમયોગીઓને રોજ પોષણયુક્ત આહાર મળતો રહે અને તેમના અને પરિવારના સ્વાસ્થ્ય અને સુખાકારી જળવાય.

સૂત્રોએ વાત કરતાં જણાવ્યું કે આ યોજના અમલી કરવા પાછળનું કારણ એ છે કે બાંધકામ મજૂરો મુખ્યત્વે આદિવાસી પટ્ટામાંથી આવે છે અને વર્ષ દરમિયાન તેઓ રોજી માટે શહેરી વિસ્તારમાં આવે છે જ્યારે ચોમાસાની કે તહેવારોની ઋતુમાં તેઓ વતન પરત ફરે છે. તેવા સમયે મુસાફરી માટે તેઓ ખાનગી હકડેઠઠ ભરેલા વાહનોમાં મુસાફરી કરે છે તે સલામત હોતા નથી અને આવી મુસાફરી દરમિયાન થતાં અકસ્માતોમાં તેમનો જીવ પણ જાય છે.

આ ઉપરાંત તેઓ શહેરોમાં હોય ત્યારે બાંધકામ સાઈટ પર જ પડ્યા રહે છે જ્યાં બિનસ્વાસ્થ્યપ્રદ સ્થિતિ હોય તો તેમને અને તેમના પરિવાર તથા ખાસ કરીને બાળકોને બીમારી લાગુ પડી જાય છે. આમ ન થાય અને તેઓ સવાર-સાંજ ઘર અને કામની જગ્યા વચ્ચે સહેલાઈથી જઈ શકે તે માટે સિટી બસમાં પણ તેમને ફ્રી મુસાફરી મળશે.

નલિયા ૩.૮ ડિગ્રીમાં ઠૂંઠવાયું : સૌરાષ્ટ્ર-કચ્છમાં હજુ બે દિવસ કોલ્ડવેવ રહેશે

અમદાવાદ

ગુજરાતમાં છેલ્લા ચાર દિવસથી જારી રહેલી કડકડતી ઠંડીમાંથી હાલ પૂરતી રાહત મળે તેની સંભાવના નહિવત્ જણાય છે. હવામાન વિભાગે હજુ આગામી બે દિવસ માટે કચ્છ તેમજ સૌરાષ્ટ્રના રાજકોટ-પોરબંદર-અમરેલી-ભાવનગરમાં કોલ્ડવેવ રહેવાની આગાહી કરેલી છે. હિમાચલ પ્રદેશમાં થયેલી હિમ વર્ષાને પગલે ઠંડીમાં વધારો નોંધાયો છે. નલિયામાં સતત બીજા દિવસે ૪ ડિગ્રીથી નીચે પારો રહેતા ૩.૮ ડિગ્રી સરેરાશ લઘુતમ તાપમાન નોંધાયું હતું. નલિયામા હજુ આગામી પાંચ દિવસ ૪ થી ૬ ડિગ્રી વચ્ચે ઠંડીનો પારો રહેવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવેલી છે.નલિયા ઉપરાંત કુલ ૧૨ શહેરમાં ઠંડીનો પારો ૧૦ ડિગ્રીથી નીચે નોંધાયો હતો. જેમાંરાજકોટ-કેશોદ-પોરબંદર-અમરેલી-કંડલા-ાાય છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, ઉત્તર પ્રદેશના મધ્ય બાગથી દક્ષિણ ગુજરાત ક્ષેત્ર અને પશ્ચિમ મધ્ય પ્રદેશ સુધી સમુદ્રથી ૧.૫ કિલોમીટરથી ૨.૧ કિલોમીટર ઊંચાઈએ સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયું છે. જેના પગલે હજુ ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક જિલ્લામાં કોલ્ડવેવની અસર રહેશે.અલબત્ત, ઠંડીમાં હાલની સ્થિતિમાં વધારે ફેરફાર થાય તેની સંભાવના નથી. બીજી તરફ અમદાવાદમાં ૨૫.૨ ડિગ્રી સાથે સરેરાશ મહત્તામ તાપમાનમાં સામાન્ય કરતાં ૨.૭ ડિગ્રીનો ઘટાડો જ્યારે ૧૦.૪ ડિગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં ૧.૭ ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. અમદાવાદમાં હજુ આગામી ૧૦ દિવસની આસપાસ ઠંડીનો પારો રહેવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવેલી છે. અમદાવાદમાં હજુ આગામી ૨૪ જાન્યુઆરી સુધીમાં ઠંડીમાં ઘટાડો અનુભવાય તેની સંભાવના નહિવત્ છે.

અમદાવાદ : ઍમ્બ્યુલન્સમાટે બનાવવામાં આવ્યું ખાસ ટ્રાફિક સિગ્નલ, ૮૦૦ મીટર દૂરથી આપશે સંકેત

અમદાવાદ

અમદાવાદ શહેરનો વ્યાપ દિન પ્રતિદિન વધી રહ્યો છે. ચારેય તરફ પીકઅવર્સ સમયમાં ઘણો ટ્રાફિક જોવા મળે છે. ત્યારે ઍમ્બ્યુલન્સ જેવી સેવા આ ટ્રાફિકથી મોટા પ્રમાણમાં પ્રભાવિત થાય છે. આ સમસ્યા નિવારવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને જાપાન કંપની દ્વારા એક સફળ પ્રયોગ અમદાવાદ રિવરફ્રન્ટ પર કરવામાં આવ્યો છે.

એમ્બ્યુલન્સને જવા માટે રેડ લાઈટવાળુ સિગ્નલ ઓટોમેટિક રસ્તા કરી આપશે. અન્ય વાહનોને સાઈડ પર જવા માટે સૂચન પણ કરશે. સફળતાપૂર્વક પાર પડ્યો છે. આ સિસ્ટમથી ઍમ્બ્યુલન્સ અને ફાયર માટે ઓટોમેટિક ચાર રસ્તા પર રેડ સિગ્નલ ગ્રિન થઈ જશે. આ પ્રયોગ અમદાવાદ મોટા ભાગના જંકશન પર વર્ષનાં અંત સુધીમાં અમલ કરી દેવામાં આવશે.મ્યુનિસિપલ સાથેની સમજૂતી મુજબ જાપાનની એક કંપની યુએચએફ બેન્ડ આધારિત તેમજ જાપાનમાં બનેલી ટેકનોલોજીને આધારે સિસ્ટમ ચલાવશે.ઍમ્બ્યુલન્સ જેવુ ઇમરજન્સી વાહન ૮૦૦ મીટર દૂર હશે ત્યારે જ તે દિશામાંથી આવતુ હશે તે તરફનું સિગ્નલ ગ્રીન થશે. આજુબાજુનાં સિગ્નલ ઓટોમેટિક રેડ થઈ જશે. ૫

Printed, Published, Owner by : MANOJ PUNAMCHANDBHAI PRAJAPATI and Printed at TIRUPATI OFFSET, 3, Bachubhai Dudhwala Building, Opp. Swaminarayan College, Shahalam Tolnaka, Ahmedabad-380022 Published From 131/1561, Dhiraj Housing Society, Haripura, Maninagar (East) Ahmedabad-380008 EDITOR : MANOJ PUNAMCHANDBHAI PRAJAPATI